hari ruňva-delo vai-kuňth nāth-ji re, dukrit haran dāmo-dar re, 2

hari niraňjan nirā-kār, nishka-laňk purushe arā-dhiye re,
dhan gāye dvārikā nāthaji re, shyāmal varna sohā-mano re, 3

hari sevyo samarth sār, pār eno ko-ii nav lahe re,
hari sohe chhe avi-nāsh vahālo, vās āpe vaikuňth dhani re, 4

hari mā-dhav mukuňd morār, mahā-dev sohā-mano re,
hari bhakti mukti dā-tār lyo, nārā-yan chhe nir-malo re, 5

sadā sāraňga-dhar shuň vichār, pār lai kā-nai-yo ātmā re,
āvi vege malyo vish-vās-ji re, tāro-ni tribho-van tala-valere, 6

jiv to mohyā chhe kul-māň, kali-kāle jiv jampi-o re,
e to hari vinā nav lahe shvās, shvās sadā sāraňg-dhar re, 7

sadā vaishnav man rahe ul-lās, ānaňd aňge u-latyo re,
bhale āvyā pari-brahma rāy, vahālo vaishnav-jan māňhi par-varyo re, 8

hari-no vartyo jaya jaya-kār, sār bolo-ni have sāchā dhani-no re,
hari-no āvyo jyāre man vish-vas tyāre, pās chhutyā chār khān-nā re, 9

hari gher gher vai-kuňth vās, dās tum-hāro vinave re,
bhale āvyā pari-brahma-rāy, samarth dhani saňte sevyo re, 10

**doharo**
ādi anādi eka tuň, sthāvar jaňgam tāru nām
tuň amar ne tāru nām, sakal vaishnav-ne pranām

## ૧૩. શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ

નાદબ્રહ્મ પદ-૩૯

શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ પેઢે નહિ રે,
હરિ અવિગત ગોવિંદ સંતજી રે, સહાય કરો શ્રીપતિ ધણી રે,
હરિ ચત્રુભુજ શ્યામલ વર્ણ, સારંગધર સોહામણો રે,
હરિ રૂંવડેલો વૈકુંઠ નાથજી રે, દુક્રીત હરણ દામોદર રે,
હરિ નિરંજન નિરાકાર, નિષ્કલંક પુરુષે અરાધીયે રે,
ધન ગાયે દ્વારિકા નાથજી રે, શ્યામલ વર્ણ સોહામણો રે,
હરિ સેવ્યો સમર્થ સાર, પાર લે એનો કોઇ નવ લહે રે,
હરિ સોહે છે અવિનાશ વ્હાલો, વાસ આપે વૈકુંઠ ધણી રે,
હરિ માધવ મુકુંદ મોરાર, મહાદેવ સોહામણો રે,
હરિ ભક્તિ મુક્તિ દાતાર લ્યો, નારાયણ છે નિર્મલો રે,
સદા સારંગધર શું વિચાર, પાર લૈ કાનૈયો આત્મા રે,
આવી વેગે મળ્યો વિશ્વાસજી રે, તારોની ત્રિભોવન ટળવળે રે,
જીવ તો મોહ્યાં છે કુળમાં, કલીકાલે જીવ જંપીઓ રે,
એ તો હરિ વિના નવ લહે શ્વાસ, શ્વાસ સદા સારંગધર રે,
સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ, આનંદ અંગે ઉલટ્યો રે,
ભલે આવ્યા પરિબ્રહ્મ રાય વ્હાલો, વૈષ્ણવજન માંહી પરવર્યો રે,
હરિનો વર્ત્યો જય જયકાર, સાર બોલોની હવે સાચા ધણીનો રે,
હરિનો આવ્યો જ્યારે મન વિશ્વાસ ત્યારે, પાસ છૂટ્યા ચાર ખાણના રે,
હરિ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તુમ્હારો વિનવે રે,
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, સમર્થ ધણી સંતે સેવ્યો રે.

દોહરો

આદિ અનાદી એક તું, સ્થાવર જંગમ તારૂં નામ.
તું અમર ને તારૂં નામ, સકલ વૈષ્ણવને પ્રણામ.

bhajan page

## 14. Mere Piyu To Base Re Agam-puri

*Nādbrahma pada 41*

mere piyu to base re agam-puri, mila-nā ka-i-se hoy … 0

hāňji DhuňDhat DhuňDhat meň jar-jarya, khevat mat bāl
vreh rupi nadi-o vahe, kisa-bidha utaru pār … 1

hāňji patti-yā lakhi lakhi bhejati, ko-ii na kahe re saňdesh;
use nagari-meň balam base, kon kahā e desh … 2

pap punya do-uň vāni, vishayā lagi re bajār
ketek sodā kar gaye, ketek āvan-hār … 3

kahe kabir suno sādhu-o, sab mile karo vichār
pahale parche guru malyā, duje sarajan hār … 4

**૧૪.** **મેરે પિયુ તો બસે રે અગમપુરી**

નાદબ્રહ્મ પદ-૪૧

મેરે પિયુ તો બસે રે અગમપુરી, મિલના કૈસે હોય ... ટેક

હાંજી ઢૂંઢત ઢૂંઢત મેં જરજર્યાં, ખેવટ મત બાલ;
વ્રેહ રૂપી નદીઓ વહે, કિસબિધ ઉતરું પાર ... ૧

હાંજી પત્તિયાં લખી લખી ભેજતી, કોઈ ન કહે રે સંદેશ;
ઉસે નગરીમેં બાલમ બસે, કોન કહા એ દેશ ... ૨

પાપ પુન્ય દોઉં વાણી, વિષયા લગી રે બજાર;
કેતેક સોદા કર ગયે, કેતેક આવનહાર ... ૩

કહે કબીર સુનો સાધુઓ, સબ મિલિ કરો વિચાર;
પહલે પર્ચે ગુરુ મળ્યા, દૂજે સરજન હાર ... ૪

bhajan page

## 15. Jone Vichāri Tuň Jivadā

*Nādbrahma pada 44*

jone vichāri tuň jivadā, shā sukh-meň mohi rahyo-ji ... 0

āvyo tyāre tuň ekalo, jātā ekalo jāvu-ji
vach-meň sambaňdh shā kām-nā, māyā jāl-meň baňdhā-yo-ji ... 1

māru māru shuň kari rahyo, nahi male tāru tana-ji
juthā re putra ne premadā, jutho bhav-no bhandāra-ji ... 2

dhan re malyā-no dharma e ja chhe, je kāň-ii hāthe vap-rāy-ji
aňt same sahu mEli jāshe, pal-meň thashe parāyo-ji ... 3

jam re jorā-var la-ii jashe, mElashe chorāshi-meň theli-ji
dārun dukh janma maran-nu, tyāň kon tāro beli-ji ... 4

sāchu sag-pan hari-guru saňt-nu, jiv-ne jāl-meň-thi kāDhe-ji
sukh re āpi-ne dukh dur kare, pari-brahma-ne bhetāve-ji ... 5

māni shake to mān-je, levo manashā-no lahāvo-ji
dās kabir sāchu kahe, fari nahiň male āvo dāv-ji ... 6

**૧૫.** જોને વિચારી તું જીવડા

નાદબ્રહ્મ પદ-૪૪

જોને વિચારી તું જીવડા, શા સુખમેં મોહી રહ્યોજી ... ટેક

આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલો જાવુંજી;
વચમેં સંબંધ શા કામના, માયા જાળમેં બંધાયોજી ... ૧

મારૂં મારૂં શું કરી રહ્યો, નહિ મળે તારું તનજી;
જૂઠા રે પુત્ર ને પ્રેમદા, જૂઠો ભવનો ભંડારજી ... ૨

ધન રે મળ્યાનો ધર્મ એ જ છે, જે કાંઇ હાથે વપરાયજી;
અંત સમે સહુ મેલી જાશે, પલમેં થશે પરાયોજી ... ૩

જમ રે જોરાવર લઇ જશે, મેલશે ચોરાશીમેં ઠેલીજી;
દારૂણ દુઃખ જન્મ મરણનું, ત્યાં કોણ તારો બેલીજી ... ૪

સાચું સગપણ હરિગુરૂ સંતનું, જીવને જાલમેંથી કાઢેજી;
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને ભેટાવેજી ... ૫

માની શકે તો માનજે, લેવો મનષાનો લ્હાવોજી;
દાસ કબીર સાચું કહે, ફરી નહીં મળે આવો દાવજી ... ૬

bhajan page

## 16. Māru Man Mānyu Ramatā Rām Shuň

*Nādbrahma pada 45*

māru man mānyu ramatā rām shuň, bhajilo-ni sarjan-hār-ji ... 0

aradh uradh-ne chotare, tyāň chhe saňt-no mukām-ji
chatur chatur nar sodā kare, tyāň nahi murakh-nu kām-ji ... 1

chaňdā suraj do-u sam-varyā, takhta triveni-ne ghāt-ji
aňtar ajavālā ho-ii rahyā, vighna vyāpe nā aňg-ji ... 2

kshar akshar-ni upare, haňs pahoňch-yā tyāň jāy-ji
karma bharam vyāpe nahiň, sukh-meň rahyo samāy-ji ... 3

aras-paras em ho-ii rahyā, bāje ana-had tur-ji
dās kabir nir-bhay bhayā, lāgi alakh shuň laya-ji ... 4

**૧૬.** **મારું મન માન્યું રમતા રામ શું**

નાદબ્રહ્મ ૫૬-૪૫

મારું મન માન્યું રમતા રામ શું, ભજીલોની સર્જનહારજી ... ટેક

અરધ ઉરધને ચોતરે, ત્યાં છે સંતનો મુકામજી;
ચતુર ચતુર નર સોદા કરે, ત્યાં નહિ મૂરખનું કામજી ... ૧

ચંદા સુરજ દોઉ સમવર્યા, તખ્ત ત્રિવેણીને ઘાટજી;
અંતર અજવાળા હોઇ રહ્યાં, વિઘ્ન વ્યાપે ના અંગજી ... ૨

ક્ષર અક્ષરની ઉપરે, હંસ પહોંચ્યા ત્યાં જાયજી;
કર્મ ભરમ વ્યાપે નહીં, સુખમેં રહ્યો સમાયજી ... ૩

અરસપરસ એમ હોઇ રહ્યાં, બાજે અનહદ તૂરજી;
દાસ કબીર નિર્ભય ભયા, લાગી અલખ શું લયજી ... ૪

bhajan page

## 17. Bhulyo Man Bhamarā Tuň Kyāň Bhamyo

*Nādbrahma pada 50*

bhulyo man bhamarā tuň kyāň bhamyo, divas ne rāta-ji
māyā-no bāňdhyo prāni-o, samajyo nahi shud-dha vāt-ji ... 0

kumbh kācho ne kāyā jāvaru, jo-ii-ne karo re jatan-ji
vana-saňtā vār lāge nahi, rākhe rudu re man ... 1

konā chhoru ne konā vāchharu, konā mā ne bāp-ji
aňt kāle jāvu ekalo, sāthe punya pāp-ji ... 2

je gher nobat vājati, rudā chha-trish rāg-ji
khaňder tha-ii khāli padyā, kālā ude re kāg-ji ... 3

jiv-ni āshā duňgar jevadi, maran pagalā-ne heth-ji
motā motā chāli gayā, lākho lakha-pati sheth-ji ... 4

ulati nadi pur utari, jāvu pele pār-ji
āgal nir male nahiň, je jo-ii-e te lejo sāth-ji ... 5

sat-karma sat-t vastu ora-jo, ishvar smaran sāth-ji
kabir juhāri-ne nisaryā, lekhu sāheb-ne hāth-ji ... 6

**૧૭. ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો**

નાદબ્રહ્મ ૫૬-૫૦

ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો, દિવસ ને રાતજી;
માયાનો બાંધ્યો પ્રાણીઓ, સમજ્યો નહિ શુદ્ધ વાતજી ... ટેક

કુંભ કાચો ને કાયા જાવરું, જોઇને કરો રે જતનજી;
વણસંતા વાર લાગે નહિ, રાખે રૂડુ રે મન ... ૧

કોના છોરૂં ને કોના વાછરૂં, કોના મા ને બાપજી;
અંત કાલે જાવું એકલું, સાથે પુન્ય પાપજી ... ૨

જે ઘેર નોબત વાજતી, રૂડા છત્રીશ રાગજી;
ખંડેર થઇ ખાલી પડયાં, કાળા ઉડે રે કાગજી ... ૩

જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાંને હેઠજી;
મોટા મોટા ચાલી ગયા, લાખો લખપતિ શેઠજી ... ૪

ઉલટી નદી પૂર ઉતરી, જાવું પેલે પારજી;
આગળ નીર મળે નહીં, જે જોઇએ તે લેજો સાથજી ... ૫

સત્કર્મ સત્ વસ્તુ ઓરજો, ઇશ્વર સ્મરણ સાથજી;
કબીર જુહારીને નીસર્યા, લેખું સાહેબને હાથજી ... ૬

bhajan page

## 18. Je kul-meň Ko-ii Bhakta Na Kahāve

*Nādbrahma pada 51*

je kul-meň ko-ii bhakta na kahāve, kul-ko kahāň lajāve
garbha sahit eni mātā kyoň na mar ga-ii, aisā betā na āve ... 0

joru ladakā sabe mili-ne, māyā-meň lap-tāye
pāni valov-tā mākhan nahi āve, tatva kahāň-se pāye ... 1

bāhar ujalā bhitar melā, ghanā svāde gāve
prit vinā pāno nahi āve, vali vali vāchharu dhāve ... 2

chith-thi patri bahut chalāve, koti dhaj-ja kahāve
jo dipak-meň jale pataňgā, aise āp jalāve ... 3

saňt saňgat-meň pal nahi āve, jam-kā horyā jāve
kahe kabir suno bhā-ii sādhu, fir chorāshi pāve ... 4

**૧૮. જે કુલમેં કોઇ ભક્ત ન કહાવે**

નાદબ્રહ્મ ૫૬-૫૧

જે કુલમેં કોઇ ભક્ત ન કહાવે, કુલકો કહાં લજાવે;
ગર્ભ સહિત એની માતા ક્યોં ન મર ગઇ, ઐસા બેટા ન આવે ... ટેક

જોરુ લડકા સબે મિલિને, માયામેં લપટાયે;
પાણી વલોવતાં માખણ નહિ આવે, તત્વ કહાંસે પાયે ... ૧

બાહર ઉજળા ભીતર મેલા, ઘણા સ્વાદે ગાવે;
પ્રીત વિના પાનો નહિ આવે, વળી વળી વાછરૂં ધાવે ... ૨

ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે, કોટી ધજ્જ કહાવે;
જો દીપકમેં જલે પતંગા, ઐસે આપ જલાવે ... ૩

સંત સંગતમેં પલ નહિ આવે, જમકા હોર્યા જાવે;
કહે કબીર સુનો ભાઇ સાધુ, ફીર ચોરાશી પાવે ... ૪

## 19. Rām-nām Tatva Sār Jagat-meň
*Nādbrahma pada 54*

rām-nām tatva sār jagat-meň, bhaji lo vāram-vār
ber ber to shikh det huň, samajyo kyo na gamār … 0

lobh laher-ki nadi chalat hai, laksha chorāshi dhārā
halake halake pār utar gaye, pāpi sahe shir-bhārā … 1

sukh sampat-ti aru dolat jyādā, in-meň kahāň tumhārā
kahe kabir suno bhā-ii sādhu, hari bhaji utaro pār … 2

bhajan page

## 20. Ānand Mangal Karu Shubh Ārati
*Nādbrahma pada 55*

ānand mangal karu shubh ārati, hari guru sant-ni sevā
prem dhari māre mandire padh-rāvu, sundar sukhadā leva ... 0

koti tirth santan ke charane, gangā jamanā revā
tribhovan tāran jagat uddhāran, murti akal abhevā ... 1

ratna-ko bhavan bāhar bhitar, ānand rupi evā
kahe pritam olakh anu-sāra hari-jan te hari jevā ... 2

### ૧૯. રામનામ તત્વ સાર જગતમેં

નાદબ્રહ્મ પદ-૫૪

રામનામ તત્વ સાર જગતમેં, ભજી લો વારંવાર;
બેર બેર તો શીખ દેત હું, સમજ્યો ક્યોં ન ગમાર ... ટેક

લોભ લહેરકી નદી ચલત હૈ, લક્ષ ચોરાશી ધારા;
હલકે હલકે પાર ઉતર ગયે, પાપી સહે શિરભારા ... ૧

સુખ સંપત્તિ અરુ દોલત જ્યાદા, ઈનમેં કહાં તુમ્હારા;
કહે કબીર સુનો ભાઈ સાધુ, હરિ ભજી ઉતરો પાર ... ૨

### ૨૦. આનંદ મંગલ કરું શુભ આરતી

નાદબ્રહ્મ પદ-૫૫

આનંદ મંગલ કરું શુભ આરતી, હરિ ગુરૂ સંતની સેવા;
પ્રેમ ધરી મારે મંદિરે પધરાવું, સુંદર સુખડા લેવા ... ટેક

કોટિ તીર્થ સંતન કે ચરણે, ગંગા જમના રેવા;
ત્રિભોવન તારણ જગત ઉદ્ધારણ, મૂર્તિ અકલ અભેવા ... ૧

રત્નકો ભવન બાહર ભીતર, આનંદ રુપી એવા;
કહે પ્રીતમ ઓળખ અનુસારા, હરિજન તે હરિ જેવા ... ૨

## 21. Hari-no Mārag Chhe Shurā-no
*Nādbrahma pada 58*

hari-no mārag chhe shurā-no, nahiň kāyar-nu kām jone
paratham pahelu mastak muki, valati levu nām jone … 0

sut vit dārā shish samarpe, te pāme ras pivā jone
sindhu madhye moti levā, māňhi padyā marajivā jone … 1

maran āňg-meň te bhare muthi, dilani dugdhā vāme jone
tire ubho juve tamāso, te kodi nav pāme jone … 2

prem-panth pāvak-ni javālā, bhāli pāchhā bhāge jone
māňhi padyā te mahā-sukh māne, dekh-nārā dājhe jone … 3

māthā sāte moňghi vastu, sāmpadavi nahiň sahel jone
mahā-pad pāmyā te marajivā, miki manano mEl jone … 4

rām amal-māň rātā mātā, purā premi parakhe jone
pritam-nā svāmi-ni lilā, te rajanidan narakhe jone … 5

**૨૧.** **હરિનો મારગ છે શૂરાનો**

નાદબ્રહ્મ પદ-૫૮

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતા લેવું નામ જોને ......... ટેક

સુત વિત દારા શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને ......... ૧

મરણ આંગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભા જુએ તમાસો, તે કોડી નવ પામે જોને ............ ૨

પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને ........ ૩

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને ......... ૪

રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનિદન નરખે જોને ....... ૫

bhajan page

## 22. Māri Nād Tamāre Hāth Hari Sambhālajo Re

*Nādbrahma pada 61*

māri nād tamāre hāth hari sambhālajo re !
muj-ne potā-no jāni-ne, prabhu-pad pālajo re ! ... 0

pathyā-pathya nathi samjātuň, dukh sadaiv rahe ubhrātuň,
mane hashe shuň thātuň nāth nihālajo re ! ... 1

anādi āp vaidya chho sāchā, ko-ii upāy vishe nahi kāchā
divas rahyā chhe tāňchā velā vālajo re ! ... 2

vishveshvar shuň haji vichāro, bāji hāth chhatā kaň hāro ?
mahā muňjhāro māro, natvar tālajo re ! ... 3

keshav hari māruň shuň thāshe ? ghān valyo shuň gaDh gherāshe !
lāj tamāri jāshe, bhudhar bhālajo re ! ... 4

## ૨૨. મારી નાડ તમારે હાથ

નાદબ્રહ્મ પદ-૬૧

મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે !
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે ! ... ટેક

પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું,
મને હશે શું થાતું નાથ નિહાળજો રે ! ... ૧

અનાદિ આપ વૈદ્ય છો સાચા, કોઇ ઉપાય વિશે નહિ કાચા,
દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો રે ! ... ૨

વિશ્વેશ્વર શું હજી વિચારો, બાજી હાથ છતાં કાં હારો ?
મહા મૂંઝારો મારો, નટવર ટાળજો રે ! ... ૩

કેશવ હરિ મારું શું થાશે ? ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે !
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે ! ... ૪

## 23. Bhajo Man Re Paňkhidā
*Nādbrahma pada 64*

bhajo man re paňkhidā, mat pad pāňjare, saňsār māyā-jāl chhe

eka divas-māň tran ja ferā, sadāy jampe kāl re
ana-chetyo tane la-ii jashe, pachhi kona chhodā-vana hāra re … 0

anya dev-ki pujā kidhi, nahi olakhyā ātam-rām re
bhutani pere bhamato fare chhe, eno ele gayo avatār re … 1

jyāre saro-var bharyā hatā, tyāre pratham na bāndhi pāla re
nir saghalu jyāre vahi gayā, pachhi hāth ghase shuň thāy re … 2

mātā tāri sadā ruve, beni ruve rudo mās re
stri ruve ter dahādā, a-u-ra Dhundhe ghar-vās re … 3

sheri lagi sarve sundari, jhāmpā lagi mā bāp re
tirth lagi sagā bandhu-o, hans tu ekalo jāy re … 4

hād bale jem lākadu re, kesh bale jem ghāsa re
kanchan sarkhi tāri kāyā bale, kāň-ii na āve tāri sāth re … 5

māru māru prāni mithyā thashe, jutho ā jagat vahe-vāra re
dās ran-chhod prabhu hari-ne bhaji lo, pal-meň utāre bhav-pār re … 6

## ૨૩. ભજો મન રે પંખીડા

નાદબ્રહ્મ પદ-૬૪

ભજો મન રે પંખીડા, મત પડ પાંજરે, સંસાર માયાજાળ છે;

એક દિવસમાં ત્રણ જ ફેરા, સદાય જંપે કાળ રે;
અણચેત્યો તને લઈ જશે, પછી કોણ છોડાવન હાર રે ... ૧

અન્ય દેવકી પૂજા કીધી, નહિ ઓળખ્યા આતમરામ રે;
ભુતની પેરે ભમતો ફરે છે, અનો એળે ગયો અવતાર રે ... ૨

જ્યારે સરોવર ભર્યા હતા, ત્યારે પ્રથમ ન બાંધી પાળ રે;
નીર સઘળું જ્યારે વહી ગયાં, પછી હાથ ઘસે શું થાય રે ... ૩

માતા તારી સદા રૂવે, બેની રૂવે દસ માસ રે;
સ્ત્રી રૂવે તેર દહાડા, ઔર ઢુંઢે ઘરવાસ રે ... ૪

શેરી લગી સર્વે સુંદરી, ઝાંપા લગી મા બાપ રે;
તીર્થ લગી સગાં બંધુઓ, હંસ તું એકલો જાય રે ... ૫

હાડ બળે જેમ લાકડું રે, કેશ બળે જેમ ઘાસ રે;
કંચન સરખી તારી કાયા બળે, કાંઈ ન આવે તારી સાથ રે ... ૬

મારું મારું પ્રાણી મિથ્યા થશે, જૂઠો આ જગત વહેવાર રે;
દાસ રણછોડ પ્રભુ હરિને ભજી લો, પલમેં ઉતારે ભવપાર રે ... ૭

bhajan page

## 24. Man Tohe Kehi Vidh Kar Sam-jhā-uň

*Nādbrahma pada 65*

man tohe kehi vidh kar sam-jhā-uň

sonā hoy to suhāg maňgā-uň, baňk-nāl ras lā-uň
gyān shabda-ki fuňk chalā-uň, pāni kar pigh-lā-uň … 1

ghodā hoy to lagām lagā-uň, upar jin kasā-uň
hoy savār tere par bai-thuň, chābuk deke chalā-uň … 2

hāthi hoy to jhaň-jhir chaDhā-uň, chāro pair baňdhā-uň
hoy mahāvat tere par bai-thuň, aňkush leke chalā-uň … 3

lohā hoy to eran maňgā-uň, upar dhuvan dhuvā-uň
dhuvan-ki ghan-ghor machā-uň, jantar tār khichā-uň … 4

gyāni hoy to gnān shikhā-uň, satya-ki rāh chalā-uň
kahet kabir suno bhā-ii sādhu, amarā-pur pahun-chā-uň … 5

## ૨૪. મન ! તોહે કેહિ વિધ કર સમઝાઉં

નાદબ્રહ્મ પદ-૬૫

મન ! તોહે કેહિ વિધ કર સમઝાઉં;

સોના હોય તો સુહાગ મંગાઉં, બંકનાલ રસ લાઉં;
ગ્યાન શબ્દકી ફૂંક ચલાઉં, પાની કર પિઘલાઉં ... ૧

ઘોડા હોય તો લગામ લગાઉં, ઉપર જીન કસાઉં;
હોય સવાર તેરે પર બૈઠું, ચાબૂક દેકે ચલાઉં ... ૨

હાથી હોય તો ઝંઝીર ચઢાઉં, ચારો પૈર બંધાઉં;
હોય મહાવત તેરે પર બૈઠું, અંકુશ લેકે ચલાઉં ... ૩

લોહા હોય તો એરણ મંગાઉં, ઉપર ધુવન ધુવાઉં;
ધુવનકી ઘનઘોર મચાઉં, જંતર તાર ખિચાઉં ... ૪

ગ્યાની હોય તો જ્ઞાન શિખાઉં, સત્યકી રાહ ચલાઉં;
કહેત કબીર સુનો ભાઈ સાધુ, અમરાપુર પહુંચાઉં ... ૫

bhajan page

## 25. Sab-se Uňchi Prem Sagā-ii

*Nādbrahma pada 69*

sab-se uňchi prem sagā-ii
duryo-dhan-ko mevā tyāgo, sāg vidur ghar pā-ii ... 0

juthe fal sabrike khāye, bahu-vidhi prem lagā-ii
prem-ke bas nrup-sevā kinhiň, āpa bane hari nāyi ... 1

rāj-su-yagna yudhish-thar kino, tāmeň juth uthā-ii
prem-ke bas arjun rath haňkyo, bhul gaye thaku-rāyi ... 2

aisi priti baDhi vrundā-van, gopin nācha lagā-ii
sur krur isa lāyak nāhiň, kahā lage karauň badā-ii ... 3

## ૨૫. સબસે ઊંચી પ્રેમ સગાઇ

નાદબ્રહ્મ પદ-૬૯

સબસે ઊંચી પ્રેમ સગાઇ;
દુર્યોધનકો મેવા ત્યાગો, સાગ વિદુર ઘર પાઇ ... ટેક

જુઠે ફલ સબરીકે ખાયે, બહુવિધિ પ્રેમ લગાઇ;
પ્રેમકે બસ નૃપ-સેવા કીન્હીં, આપ બને હરિ નાયી ... ૧

રાજસુયજ્ઞ યુધિષ્ઠર કીનોં, તામેં જુઠ ઉઠાઇ;
પ્રેમકે બસ અર્જુન રથ હાંક્યો, ભૂલ ગયે ઠકુરાયી ... ૨

ઐસી પ્રીતિ બઢી વૃન્દાવન, ગોપીન નાચ લગાઇ;
સૂર ક્રૂર ઇસ લાયક નાહીં, કહા લગે કરૌં બડાઇ ... ૩

bhajan page

## 26. Baňgalā Ajab Banāyā Re

*Nādbrahma pada 72*

baňgalā ajab banāyā re, jisa-meň nārāyan bole

pāňcha tatva-kā baňgalā banāyā, tin gun-kā kiyā gārā
rom rom ki chhāňyā chhānchi, bolan-hārā nyārā ... 0

isa bangale kā das dar-vājā, bich pavan kā thambh
āvat jāvat ko-ii nav dekhe, ehi badā achambā ... 1

pāňch pach-chis shuň pātar niche, manavā tāl bajāve
surat nurat kā mrudaňg bāje, chha-trish rāgani gāve ... 2

kahet kabirā suno bhā-ii sādhu, baňgalā khub samvārā
isa baňgale-meň sāheb bole, āpe sarjan hārā ... 3

**૨૬. બંગલા અજબ બનાયા રે**

નાદબ્રહ્મ પદ-૭૨

બંગલા અજબ બનાયા રે, જિસમેં નારાયણ બોલે;

પાંચ તત્વકા બંગલા બનાયા, તીન ગુનકા કિયા ગારા;
રોમ રોમ કી છાંયા છાંચી, બોલનહારા ન્યારા ... ટેક

ઇસ બંગલે કા દસ દરવાજા, બીચ પવન કા થંભ;
આવત જાવત કોઇ નવ દેખે, એહી બડા અચંબા ... ૧

પાંચ પચ્ચીસ શું પાતર નીચે, મનવા તાલ બજાવે;
સુરત નુરત કા મૃદંગ બાજે, છત્રીશ રાગણી ગાવે ... ૨

કહેત કબીરા સુનો ભાઇ સાધુ, બંગલા ખૂબ સંવારા;
ઇસ બંગલેમેં સાહેબ બોલે, આપે સર્જન હારા ... ૩

[bhajan page]

## 27. Ghuňghat-kā Pat Khol Re

*Nādbrahma pada 74*

ghuňghat-kā pat khol re, toko piva mileňge, ghuňghat-kā pat khol
ghat ghat-meň vah sāň-ii ramatā, katuk vachan mat bol re ... 0

dhan joban-ko garva na kije, juthā pach-raňg chol re
su-n-na mahal-meň diya-nā bāri le, āsan soň mat dol re ... 1

jāg jugat-soň raňg mahal-meň, piya pāyo ana-mol re
kahe kabir ānaňd bhayo hai, bājat ana-had Dhol re ... 2

[bhajan page]

## 28. Guru Binā Ka-u-n Batāve Bāt

*Nādbrahma pada 75*

guru binā ka-u-n batāve bāt, badā vikat yam-ghāt ... 0

bhrānti ki pahādi nadiyā bichamoň, ahaňkār-ki lāt ... 1

kām krodh do parvat ghadhe, lobh chor sanghat ... 2

mad matsar-kā meh barasat, māyā pavan bahe dāt ... 3

kahat kabir suno bhā-ii sādho, kyoň taranā yah ghāt ... 4

## ૨૭. ઘૂંઘટકા પટ ખોલ રે

નાદબ્રહ્મ પદ-૭૪

ઘૂંઘટકા પટ ખોલ રે, તોકો પીવ મિલેંગે, ઘૂંઘટકા પટ ખોલ
ઘટ ઘટમેં વહ સાંઈ રમતા, કટુક વચન મત બોલ રે ... ટેક

ધન જોબનકો ગર્વ ન કીજૈ, જૂઠા પચરંગ ચોલ રે;
સુન્ન મહલમેં દિયના બારિ લે, આસન સોં મત ડોલ રે ... ૧

જાગ જુગતસોં રંગ મહલમેં, પિય પાયો અનમોલ રે;
કહૈ કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ રે ... ૨

## ૨૮. ગુરૂ બિના કૌન બતાવે બાટ

નાદબ્રહ્મ પદ-૭૫

ગુરૂ બિના કૌન બતાવે બાટ, બડા વિકટ યમઘાટ ... ટેક

ભ્રાંતિ કી પહાડી નદિયાં બિચમોં, અહંકારકી લાટ ... ૧

કામ ક્રોધ દો પર્વત ગઢે, લોભ ચોર સંઘાત ... ૨

મદ મત્સરકા મેહ બરસત, માયા પવન બહે દાટ ... ૩

કહત કબીર સુનો ભાઇ સાધો, ક્યોં તરના યહ ઘાટ ... ૪

bhajan page

## 29. Jhini Jhini Bini, Chadariyā

*Nādbrahma pada 76*

jhini jhini bini, chadariyā, jhini jhini bini

kāhe ke tānā, kāhe ke bharani, ka-u-na tār-se bini
iňgalā piňgalā tānā bharani, susha-man tār-se bini ... 1

āth kaňval dal charakhā dole, pāňch tatva gun tini
sāň-ii-ko siyat, mās das lāge, thok thok ke bini ... 2

so chādar sur nar muni oDhi, oDhi ke meli kini
dās kabir jatan-se oDhi, jyoň-ki tyoň dhari dini ... 3

## ૨૯. ઝીની ઝીની બિની, ચદરિયાં

નાદબ્રહ્મ ૫૬-૭૬

ઝીની ઝીની બિની, ચદરિયાં, ઝીની ઝીની બિની;

કાહે કૈ તાના, કાહે કૈ ભરની, કૌન તારસે બિની;
ઈંગલા પીંગલા તાના ભરની, સુષમન તારસે બિની ... ૧

આઠ કંવલ દલ ચરખા ડોલૈ, પાંચ તત્વ ગુન તિની;
સાંઈકો સિયત, માસ દસ લાગે, ઠોક ઠોક કે બિની ... ૨

સો ચાદર સુર નર મુનિ ઓઢી, ઓઢી કે મૈલી કીની;
દાસ કબીર જતનસે ઓઢી, જ્યોંકી ત્યોં ધરિ દીની ... ૩

bhajan page

## 30. Eka Ja De Chin-gāri Mahā-nal !

*Nādbrahma pada 81*

eka ja de chin-gāri mahā-nal ! eka ja de chin-gāri

chak-mak loDhuň ghasatā ghasatā, kharachi jiňdagi sāri
jāmagari-māň tanakho na padyo, na fali mahenat māri ... 1

chāňdo salagyo, suraj salagyo, salagi ābh atāri
nā salagi eka sagadi māri, vāt vipat-ni bhāri ... 2

thaňdi-māň muj kāyā thathare, khuti dhiraj māri
vishvā-nal huň adhik na māguň, māguň eka chin-gāri ... 3

### ૩૦. એક જ દે ચિનગારી મહાનલ !

નાદબ્રહ્મ ૫૬-૮૧

એક જ દે ચિનગારી મહાનલ ! એક જ દે ચિનગારી;

ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી ... ૧

ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો, સળગી આભ અટારી;
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી ... ૨

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ ! હું અધિક ન માગું,માગું એક ચિનગારી ... ૩

bhajan page

# 31. Junu To Thayu Re Deval

*Nādbrahma pada 88*

junu to thayu re deval junu to thayu,
māro haňsalo nāno ne deval junu to thayu ... 0

ā re kāyā re haňsā, dolavā-ne lāgi re,
padi gayā dāňt, māyali rekhu to rahyu ... 1

tāre ne māre haňsa, prityu baňdhāni re,
udi gayo haňsa, piňjar padi re rahyu ... 2

bā-ii mirā kahe prabhu, giri-dhar-nā gun,
prem-no pyālo tam-ne pa-uň ne pivu ... 3

### ૩૧. જૂનું તો થયું રે દેવળ

નાદબ્રહ્મ પદ-૮૮

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું ... ટેક

આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહ્યું ... ૧

તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે,
ઉડી ગયો હંસ, પિંજર પડી રે રહ્યું ... ૨

બાઇ મીરાં કહે પ્રભુ, ગિરિધરના ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીવું ... ૩

bhajan page

## 32. Bol Mā, Bol Mā, Bol Mā Re
*Nādbrahma pada 89*

bol mā, bol mā, bol mā re, rādhā krishnā vinā biju bol mā re

sākar sheradi-no svād taji-ne, kadavo te limado ghol mā re
chāňdā suraj-nu tej taji-ne, āgiyā saňg prit jod mā re ... 1

hirā, mānek, jhaver taji-ne, kathir saňgāthe mani tol mā re
bā-ii mirā kahe prabhu giri-dhar nāgar, sharir āpyu sam-tol-māň re ... 2

bhajan page

## 33. Nahi Re Visāru Hari
*Nādbrahma pada 91*

nahi re visāru hari, antar-ma-thi nahi re visāru hari

jal jamunā-nā pāni re jātā, shir par mataki dhari
 āvtā ne jātā mārag vachche, amulakh vastu jadi ... 1

āvtā ne jātā vrundā re van-mā, charan tamāre padi
 pilā pitāmbar jarkashi jāmā, kesar ād kari ... 2

mor-mugat ne kāne re kundal, mukh par morali dhari
 bāi mirā kahe prabhu girdhar-na gun, viththal var-ne vari ... 3

### ૩૨. બોલ મા, બોલ મા, બોલ મા રે

નાદબ્રહ્મ પદ-૮૯

બોલ મા, બોલ મા, બોલ મા રે, રાધા કૃષ્ણ વિના બીજું બોલ મા રે

સાકર શેરડીનો સ્વાદ તજીને, કડવો તે લીમડો ઘોળ મા રે
ચાંદા સૂરજનું તેજ તજીને, આગીયા સંગ પ્રીત જોડ મા રે ... ૧

હીરા, માણેક, ઝવેર તજીને, કથીર સંગાથે મણિ તોલ મા રે
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, શરીર આપ્યું સમતોલમાં રે ... ૨

### ૩૩. નહિ રે વિસારું હરિ

નાદબ્રહ્મ પદ-૯૧

નહિ રે વિસારું હરિ, અંતરમાંથી નહિ રે વિસારું હરિ.

જલ જમુનાનાં પાણી રે જાતાં, શિર પર મટકી ધરી,
આવતાં ને જાતાં મારગ વચ્ચે, અમૂલખ વસ્તુ જડી ... ૧

આવતાં ને જાતાં વૃન્દા રે વનમાં, ચરણ તમારે પડી,
પીળાં પિતાંબર જરકશી જામા, કેસર આડ કરી ... ૨

મોરમુગટ ને કાને રે કુંડલ, મુખ પર મોરલી ધરી
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરનાં ગુણ, વિઠ્ઠલ વરને વરી ... ૩

[bhajan page]

# 34. Maňgal Maňdir Kholo Dayā-may
*Nādbrahma pada 95*

maňgal maňdir kholo dayā-may, maňgal maňdir kholo

jivan van ati vege vatāvyu, dvār ubho shishu bholo
timir gayu ne jyoti prakāsh-yo, shishu-ne ur-māň lyo lyo ... 1

nām madhur tam ratyo niraňtar, shishu sah preme bolo
divya trushā-tur āvyo bālak, prem ami-ras Dholo ... 2

## ૩૪. મંગલ મંદિર ખોલો

નાદબ્રહ્મ ૫૬-૯૫

મંગલ મંદિર ખોલો દયામય, મંગલ મંદિર ખોલો

જીવન વન અતિ વેગે વટાવ્યું, દ્વાર ઊભો શિશુ ભોળો
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમાં લ્યો લ્યો ... ૧

નામ મધુર તમ રટયો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક, પ્રેમ અમીરસ ઢોળો ... ૨

bhajan page

## 35. Ātalo Saňdesho Mārā Sad-guru-ne Kahejo

ātalo saňdesho mārā sad-guru-ne kahejo
sevak-nā rudiyā-māň rahejo ... saňdesho mārā sad-guru-ne kahejo

kāyā-nā deval am-ne kāchā re lāge,
teno bharoso am-ne dejo ... saňdesho mārā sad-guru-ne kahejo

kāyā pad-she-ne haňsā kyāň ja-ii samāshe,
te ghar bat-lāvi am-ne dejo ... saňdesho mārā sad-guru-ne kahejo

brahma sva-rup māri najare nā āve,
tenā te darshan am-ne dejo ... saňdesho mārā sad-guru-ne kahejo

janmo janam mārā rudiyā-māň rahejo,
evi te vrut-ti am-ne dejo ... saňdesho mārā sad-guru-ne kahejo

dharma-dās-ni araji suno re gosā-ii
bhakti-ne mukti am-ne dejo ... saňdesho mārā sad-guru-ne kahejo

**૩૫.** **આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો**

આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો,
સેવકના હ્રદિયામાં રહેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

કાયાના દેવળ અમને કાચા રે લાગે,
તેનો ભરોસો અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

કાયા પડશેને હંસા ક્યાં જઇ સમાશે,
તે ઘર બતલાવી અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ના આવે,
તેના તે દર્શન અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

જન્મો જન્મ મારા હ્રદિયામાં રહેજો,
એવી તે વૃત્તિ અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

ધર્મદાસની અરજી સુણો રે ગોસાઇ,
ભક્તિને મુક્તિ અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

## 36. Jyāň Lagi Ātmā Aňg-māň Chhe

*Nādbrahma pada 128*

jyāň lagi ātmā aňg-māň chhe, tyāň lagi hari hari tuň kahe … 0

hāltā hari ne chāltā hari, ne bestā hari tuň kahe
sutā pahelā je smaran kare bha-ii, teni bolo jay jay … 1

lidhā sarikhu nām hari-nu, la-ii shake to le
didhā sarikhu dān chhe an-na-nu, da-ii shake to de … 2

ā re sansāri re sarve khoto, ne sāchi vastu be
eka punya biju hari-bhajan bha-ii, jivadā samaji le … 3

dushta padā-rath sarve khoto, ne ātmā a-khand chhe
kidi thaki te kunjar lagan bha-ii, kāl-chak-kar-no bhe … 4

eka din āňgane divā vivāh, vali dhol-sharnā-ii bajashe
kahe jivan evo eka din āvashe, smashāno dhagashe … 5

**૩૬.** જ્યાં લગી આત્મા અંગમાં છે

નાદબ્રહ્મ પદ-૧૨૮

જ્યાં લગી આત્મા અંગમાં છે, ત્યાં લગી હરિ હરિ તું કહે;

હાલતાં હરિ ને ચાલતાં હરિ, ને બેસતાં હરિ તું કહે;
સુતાં પહેલાં જે સ્મરણ કરે ભાઇ, તેની બોલો જય જય ... ૧

લીધા રે સરખું નામ હરિનું, લઇ શકે તો લે;
દીધા રે સરખું દાન છે અન્નનું, દઇ શકે તો દે ... ૨

આ રે સંસારીઓ સર્વે ખોટા, ને સાચી વસ્તુ બે;
એક તો પુણ્ય, બીજું હરિભજન ભાઇ, જીવડા સમજી લે ... ૩

દૃષ્ટ પદારથ સર્વે ખોટા ને, આત્મા અખંડ છે;
કીડી થકી તે કુંજર લગણ ભાઇ, કાળચક્કરનો ભે ... ૪

એક દિન આંગણે દીવા, વિવાહ, ને વળી ઢોલ શરણાઇ વાગે;
કહે જીવણ એવો એક દિન આવશે, સ્મશાને ધગશે ... ૫

bhajan page

## 37. Hari-nām Hirā Kaňchan Prem Jadyo Hai

*Nādbrahma pada 143, rāga - kānado*

hari-nām hirā kaňchan prem jadyo hai
sat-guru shabda shravane suna-kar, druDha kar rudaye banā-ii dharyo hai ... 0

chashmā gnān vivek ja raheni, chit-ta chaňdan choňtyo na talyo hai
ās-pās pratit pirojā, buddhi chuni le pāt padyo hai ... 1

jaňgam ghāt hari-nām jarāno, dekhi chor a-gnān talyo hai
kahe kabir e nigam ago-char, bhakta het rasanā-e u-charyo hai ... 2

bhajan page

## 38. Rām-nām Jab Liyo Man Teň

*Nādbrahma pada 144, rāga - kānado*

rām-nām jab liyo man teň;
yog yagna jap tap vrat tirth, sakal samarpan kiyo man teň ... 0

jivan janma safal-tāko, jene hari druDha vrat liyo man teň;
nirbhay bhayo param-pada pāyo, ami mahā-ras piyo man teň ... 1

pivat amar bhaye sanakā-dik, shaňkar pivat liyo man teň;
kahe kabir krupā kari moň pe, dinā-nāth diyo man teň ... 2

### ૩૭. હરિનામ હીરા કંચન પ્રેમ જડ્યો હૈ

નાદબ્રહ્મ પદ-૧૪૩, રાગ - કાનડો

હરિનામ હીરા કંચન પ્રેમ જડ્યો હૈ;
સતગુરુ શબ્દ શ્રવણે સુનકર, દૃઢ કર હૃદયે બનાઇ ધર્યો હૈ ... ટેક

ચશ્મા જ્ઞાન વિવેક જ રહેણી, ચિત્ત ચંદન ચોંટ્યો ન ટળ્યો હૈ;
આસપાસ પ્રતીત પીરોજા, બુદ્ધિ ચુની લે પાટ પડ્યો હૈ ... ૧

જંગમ ઘાટ હરિનામ જરાનો, દેખી ચોર અજ્ઞાન ટળ્યો હૈ;
કહે કબીર એ નિગમ અગોચર, ભક્ત હેત રસનાએ ઉચર્યો હૈ ... ૨

### ૩૮. રામનામ જબ લીયો મન તેં

નાદબ્રહ્મ પદ-૧૪૪, રાગ - કાનડો

રામનામ જબ લીયો મન તેં;
યોગ યજ્ઞ જપ તપ વ્રત તીર્થ, સકલ સમર્પણ કિયો મન તેં ... ટેક

જીવન જન્મ સફળતાકો, જેણે હરિ દૃઢ વ્રત લીયો મન તેં;
નિર્ભય ભયો પરમપદ પાયો, અમી મહારસ પીયો મન તેં ... ૧

પીવત અમર ભયે સનકાદિક, શંકર પીવત લીયો મન તેં;
કહે કબીર કૃપા કરી મોં પે, દિનાનાથ દિયો મન તેં ... ૨

## 39. Jo Kul Bhakta Bhāgya-vān Ho-ii

*Nādbrahma pada 146, rāga: kānado*

jo kul bhakta bhāgya-vān ho-ii
gani-e na vana avarna rank-dhan, vimal vaňsh māni-e ati so-ii … 0

brāhman kshatrik vaishya aru shudra, nāri chandāl shlech-chha ho-ii
ho-ii punit bhaje bhagavantā, āp tare tāre kul do-u … 1

gām so thām desh so hi pāvan, saňgh punit māni-e ati so-ii
shur pandit nrupati pādashāh, hari-dās barā-bar a-u-r na ko-ii … 2

karat bhakti let prem-ras, taji saňsār jān ke so-ii
poyani-pātra samān rahet hai, kahe kabir jag-meň jan jo-ii … 3

bhajan page

## 40. Kahāň Kami Jāko Rām-ji Dhani Ho

*Nādbrahma pada 147, rāga: kānado*

kahāň kami jāko rām-ji dhani ho;
manashā nāth mano-rath pure, sukh nidhān ki bāt dhani hai ... 0

ka-u-n kām kalpit ki māyā, karat firat apani apani hai;
khā-ii na shakyo kharchi-e na jānyu, jyāň bhoriňg shir mani rahet hai ... 1

shiv viraňchi jā ko pār na pāve, mohe bapare ki kahāň ganavā hai;
jā ki prit niraňtar hari shuň, kahe rohi-dās vāki sadā bani hai ... 2

### ૩૯. જો કુલ ભક્ત ભાગ્યવાન હોઈ

નાદબ્રહ્મ પદ-૧૪૬, રાગ - કાનડો

જો કુલ ભક્ત ભાગ્યવાન હોઈ;
ગણીએ ન વર્ણ અવર્ણ રંકધન, વિમલ વંશ માનીએ અતિ સોઈ ... ટેક

બ્રાહ્મણ ક્ષત્રિક વૈશ્ય અરૂ શુદ્ર, નારી ચંડાલ શ્લેચ્છ હોઈ;
હોઈ પુનિત ભજે ભગવંતા, આપ તરે તારે કુલ દોઉ ... ૧

ગામ સો ઠામ દેશ સો હી પાવન, સંઘ પુનિત માનીએ અતિ સોઈ;
શુર પંડિત નૃપતિ પાદશાહ, હરિદાસ બરાબર ઔર ન કોઈ ... ૨

કરત ભક્તિ લેત પ્રેમરસ, તજી સંસાર જાન કે સોઈ;
પોયણીપાત્ર સમાન રહેત હૈ, કહે કબીર જગમેં જન કોઈ ... ૩

### ૪૦. કહાં કમી જાકો રામજી ધણી હો

નાદબ્રહ્મ પદ-૧૪૭, રાગ - કાનડો

કહાં કમી જાકો રામજી ધણી હો;
મનષા નાથ મનોરથ પૂરે, સુખ નિધાન કી બાત ધની હૈ ... ટેક

કૌન કામ કલ્પિત કી માયા, કરત ફિરત અપની અપની હૈ;
ખાઇ ન શક્યો ખર્ચીએ ન જાણ્યું, જ્યાં ભોરીંગ શિર મણી રહેત હૈ ... ૧

શિવ વિરંચી જા કો પાર ન પાવે, મોહે બપરે કી કહાં ગણવા હૈ;
જા કી પ્રીત નિરંતર હરિ શું, કહે રોહીદાસ વાકી સદા બની હૈ ... ૨

bhajan page

## 41. Saňt Samā-gam Kije Re Bhā-ii

*Nādbrahma pada 156, rāga - kalyān*

saňt samā-gam kije re bhā-ii, saňt samā-gam kije re bhā-ii
jān ajān chuve pāras-ko, palat lohā kaňchan ho jā-ii ... 0

bhāt bhāt ban-rāii jo kahi-e, bhin-na bhin-na vā ko nām dharā-ii
chaňdan ke jā ko bās lagat hai, chaňdan hāňt ber na lā-ii ... 1

na-u-kā rup kahi-e sat saňgat, vāme je koii bai-the ā-ii
a-u-r u-pāy nahi tarave ko, suňdar kāDhi rām duhā-ii ... 2

bhajan page

## 42. Hari-ko Bhajan Kar Ho Man Pyāre

*Nādbrahma pada 159, rāga - kalyān*

hari-ko bhajan kar ho man pyāre, prabhu-ko bhajan kar ho man pyāre
eka ras-nā tum kyoň alasā-ne, shesh sahastra sumira-ni nihāle ... 0

jā ke sharan patit gat pāme, gunakā kubjā vyādh ud-dhāre
adham tare adhi-kār bhajan-se, hari sumaran saghalā agha jāye ... 1

ajā-mil sut nām ud-dhāre, jal dubat gaj-grāha ugāre
parashu-rām ai-so samarth thākor, banayar bhil putanā tāre ... 2

### ૪૧. સંત સમાગમ કીજે રે ભાઇ

નાદબ્રહ્મ પદ-૧૫૬, રાગ - કલ્યાણ

સંત સમાગમ કીજે રે ભાઇ, સંત સમાગમ કીજે રે ભાઇ;
જાણ અજાણ ચુવે પારસકો, પલટ લોહા કંચન હો જાઇ ... ટેક

ભાત ભાત બનરાઇ જો કહીએ, ભીન્ન ભીન્ન વા કો નામ ધરાઇ;
ચંદન કે જા કો બાસ લગત હૈ, ચંદન હાંત બેર ન લાઇ ... ૧

નૌકા રૂપ કહીએ સત સંગત, વામે જે કોઇ બૈઠે આઇ;
ઔર ઉપાય નહિ તરવે કો, સુંદર કાઢી રામ દુહાઇ ... ૨

### ૪૨. હરિ કો ભજન કર હો મન પ્યારે

નાદબ્રહ્મ પદ-૧૫૯, રાગ - કલ્યાણ

હરિ કો ભજન કર હો મન પ્યારે, પ્રભુ કો ભજન કર હો મન પ્યારે;
એક રસના તુમ ક્યોં અલસાને, શેષ સહસ્ત્ર સુમિરની નિહાળે ... ટેક

જા કે શરણ પતિત ગત પામે, ગુણકા કુબ્જા વ્યાધ ઉદ્ધારે;
અધમ તરે અધિકાર ભજનસે, હરિ સુમરણ સઘળા અઘ જાયે ... ૧

અજામિલ સુત નામ ઉદ્ધારે, જલ ડુબત ગજગ્રાહ ઉગારે;
પરશુરામ ઐસો સમર્થ ઠાકોર, બનચર ભીલ પુતના તારે ... ૨

bhajan page

## 43. Tum Kir Nāv La-ii Āv Re

*Nādbrahma pada 160, rāga - kalyān*

tum kir nāv la-ii āv re, tum kir nāv la-ii āv re
tum-ko bolāve raghu-nāth gosā-ii, tum par kino bhāve re ... 0

teri na-u-ka bahut chalat hai, saritā pār lagāv re
din jāni mohe dayā karat hai, mat hi bhulo aiso dāv re ... 1

kini re kirpā bahut ati karunā, rudaye dharyo vishvās re
laghutā-māň prabhu pār kiyo hai, kutumb sahit bhari nāv re ... 2

bhajan page

## 44. Pag Dho-uň Nāv Padhāro

*Nādbrahma pada 161, rāga - kalyān*

pag dho-uň nāv padhāro, rām-ji, pag dho-uň nāv padhāro;
uda ga-ii shalyā kāshtha ki kheti, tum hi man-meň vichāro ... 0

kati lo re nir tir ati nyāro, āge kosh uvāro; **
vishva jivan-ke jivikā mohe, mohe raňk kāň māro ... 1

hai kashuň tatva e hi pad-raj-meň, nāhi na dosh tum-hāro;
agra-dās utarāy ja dino, na-u-kā sahit kul tāryo ... 2

----------

** kati lo nir tir hai nedo, kosā-ii kahe upāy;

## ૪૩. તુમ કિર નાવ લઈ આવ રે

નાદબ્રહ્મ પદ-૧૬૦, રાગ - કલ્યાણ

તુમ કિર નાવ લઈ આવ રે, તુમ કિર નાવ લઈ આવ રે;
તુમકો બોલાવે રઘુનાથ ગોસાંઈ, તુમ પર કીનો ભાવે રે ... ટેક

તેરી નૌકા બહુત ચલત હૈ, સરિતા પાર લગાવ રે;
દીન જાણી મોહે દયા જો કરત હૈ, મત હી ભૂલો ઐસો દાવ રે ... ૧

કીની રે કીરપા બહુત અતિ કરુણા, હૃદયે ધર્યો વિશ્વાસ રે;
લઘુતામાં પ્રભુ પાર કિયો હૈ, કુટુંબ સહિત ભરી નાવ રે ... ૨

## ૪૪. પગ ધોઉં નાવ પધારો

નાદબ્રહ્મ પદ-૧૬૧, રાગ - કલ્યાણ

પગ ધોઉં નાવ પધારો, રામજી, પગ ધોઉં નાવ પધારો;
ઊડ ગઇ શલ્યા કાષ્ઠ કી ખેતી, તુમ હીં મનમેં વિચારો ... ટેક

કટી લો રે નીર તીર અતિ ન્યારો, આગે કોશ ઉવારો; **
વિશ્વ જીવનકે જીવિકા મોહે, મોહે રંક કાં મારો ... ૧

હૈ કશું તત્વ એ હી પદરજમેં, નાહિ ન દોષ તુમ્હારો;
અગ્રદાસ ઉતરાય જ દીનો, નૌકા સહિત કુલ તાર્યો ... ૨

----------

** કટી લો નીર તીર હૈ નેડો, કોંસાઈ કહે ઉપાય;

bhajan page

## 45. Bhulyo Man Sam-jāve

*Nādbrahma pada 165, rāga - kalyān*

bhulyo man sam-jāve, ho ko-ii, bhulyo man sam-jāve
e man chaňchal chor lālachu, chhutyo hāth na āve ... 0

jod jod dhan uňdā ghāle, jahāň ko-ii lenā na pāve
kāl āye jab kaňth grahego, seno sen-meň batāve ... 1

khotā dām gāňthe la-ii dole, hasi hasi vastu mulāve
boye bāmbu, āmra-fal chāhe, so fal hāth na āve ... 2

guru pratāp saňt ki saňgat, man vāňchhit fal pāve
jāt julāhā nām kabirā, harakhi nirakhi gun gāve ... 3

**૪૫. ભૂલ્યો મન સમજાવે**

નાદબ્રહ્મ પદ-૧૬૫, રાગ - કલ્યાણ

ભૂલ્યો મન સમજાવે, હો કોઇ, ભૂલ્યો મન સમજાવે;
એ મન ચંચલ ચોર લાલચુ, છૂટ્યો હાથ ન આવે ... ટેક

જોડ જોડ ધન ઊંડા ઘાલે, જહાં કોઇ લેણા ન પાવે;
કાલ આયે જબ કંઠ ગ્રહેગો, સેનો સેનમેં બતાવે ... ૧

ખોટા દામ ગાંઠે લઇ ડોલે, હસી હસી વસ્તુ મૂલાવે;
બોયે બાંબુ આમ્રફલ ચાહે, સો ફલ હાથ ન આવે ... ૨

ગુરૂ પ્રતાપ સંત કી સંગત, મન વાંછિત ફલ પાવે;
જાત જુલાહા નામ કબીરા, હરખી નીરખી ગુણ ગાવે ... ૩

bhajan page

## 46. Nirakh Parakh Guru Karanā Avadhu

*Nādbrahma pada 167, rāga - kalyān*

nirakh parakh guru karanā avadhu, nirakh parakh guru karanā;
tan man-se kachhu parchā nāhi, kāhe ko parchi maranā ... 0

kāl na mite jaňgal na chhute, tapasvi bhayā nahi shurā;
kul-ko nāsh karo mat ko-ii, guru malyā nahi purā ... 1

sapta dhātu-kā piňjar banāyā, upar girad ki shobhā;
sat-guru mile to kāl-thi bache, nahi to pralay hoye ... 2

ka-drup dehi kāch-ke kupo, mithyā kahaň uleche;
kahe kabir suno bhā-ii sādhu, amrut ke ras sicho ... 3

**૪૬. નીરખ પરખ ગુરુ કરના અવધુ**

નાદબ્રહ્મ પદ-૧૬૭, રાગ - કલ્યાણ

નીરખ પરખ ગુરુ કરના અવધુ, નીરખ પરખ ગુરુ કરના;
તન મનસે કછુ પર્ચા નાહીં, કાહે કો પર્ચી મરના ... ટેક

કાલ ન મિટે જંગલ ન છૂટે, તપસ્વી ભયા નહિ શૂરા;
કુલકો નાશ કરો મત કોઇ, ગુરુ મળ્યા નહિ પુરા ... ૧

સપ્ત ધાતુકા પિંજર બનાયા, ઉપર ગિરદ કી શોભા;
સતગુરુ મિલે તો કાલથી બચે, નહિ તો પ્રલય હોયે ... ૨

કદ્રુપ દેહી કાચકે કુપો, મિથ્યા કહાં ઉલેચે;
કહે કબીર સુનો ભાઇ સાધુ, અમૃત કે રસ સીચો ... ૩

bhajan page

## 47. Sādhu Ki Saňgat Pā-ii Re

*Nādbrahma pada 178, rāga - kāfi*

sādhu ki saňgat pā-ii re, jā ki sufal kamā-ii;
sādhu ki saňgat bhakti hari-ki, baDhat baDhat baDha jā-ii ... 0

dhruv prah-lād amb-rish vibhi-shan, nārad chhe rushi-rā-ii;
pipā dhanā senā rohi-dās, pāňchami mirā-bā-ii ... 1

nar-siňh jay-dev a-u-ra sur-dās, sajanā jāt kasā-ii;
raňkā vaňkā kālu keval kubā, karamā ki khichadi pā-ii ... 2

dat-tā-trey guru gorakh yogi, gagan maňdal math chhā-ii;
kahet kabir suno bhā-ii sādhu, jyot-meň jyot milā-ii ... 3

## 48. Je Hari Nām Sunāve Re

*Nādbrahma pada 179, rāga - kāfi*

je hari nām sunāve re, sohi saj-jan merā, je hari nām sunāve

bhav-sāgar-ki lobh lahar-meň, dubat pār na pāye … 0

shiv sanakā-dik a-u-ra brahmā-dik, nārad ke man bhāve … 1

chhaththi chhānd pado pāpi murakh, je mukhe hari na sohāve … 2

kahe kabir suno bhā-ii sādhu, harakhi nirakhi gun gāve … 3

**૪૭. સાધુ કી સંગત પાઇ રે**

નાદબ્રહ્મ પદ-૧૭૮, રાગ - કાફી

સાધુ કી સંગત પાઇ રે, જા કી સુફલ કમાઇ;
સાધુ કી સંગત ભક્તિ હરિકી, બઢત બઢત બઢ જાઇ ... ટેક

ધ્રુવ પ્રહ્લાદ અંબરીષ વિભિષણ, નારદ છે ઋષિરાઇ;
પીપા ધના સેના રોહીદાસ, પાંચમી મીરાંબાઇ ... ૧

નરસિંહ જયદેવ ઔર સૂરદાસ, સજના જાત કસાઇ;
રંકા વંકા કાલૂ કેવલ કૂબા, કરમા કી ખીચડી પાઇ ... ૨

દત્તાત્રેય ગુરુ ગોરખ યોગી, ગગન મંડલ મઠ છાઇ;
કહેત કબીર સુનો ભાઇ સાધુ, જ્યોતમેં જ્યોત મિલાઇ ... ૩

**૪૮. જે હરિ નામ સુનાવે રે**

નાદબ્રહ્મ પદ-૧૭૯, રાગ - કાફી

જે હરિ નામ સુનાવે રે, સોહી સજ્જન મેરા;
ભવસાગરકી લોભ લહરમેં, ડૂબત પાર ન પાયે ... ૧
શિવ સનકાદિક ઔર બ્રહ્માદિક, નારદ કે મન ભાવે ... ૨
છઠ્ઠી છાંડ પડો પાપી મૂર્ખ, જે મુખે હરિ ન સોહાવે ... ૩
કહે કબીર સુનો ભાઈ સાધુ, હરખી નીરખી ગુણ ગાવે ... ૪

bhajan page

## 49. Kyoň Hari-nām Visārā

*Nādbrahma pada 181, rāga - kāfi*

kyoň hari-nām visārā, man muDh gaňvār;

chal-nā dur aba kyoň thāke, paňth khāňde ki dhār ... 1

āja huň chet kahaň bhayo gāfel, abha kachhu kar le sār ... 2

vishay vād-se bāj na āye, mārā mārā jam hār ... 3

chhaňd kutil-ta bhaji-le rām-nām, yo hi mat amārā ... 4

kahet kabir sevo sādhu-jan, to utare bhavpār ... 5

### ૪૯. ક્યોં હરિનામ વિસારા

નાદબ્રહ્મ પદ-૧૮૧, રાગ - કાફી

ક્યોં હરિનામ વિસારા, મન મૂઢ ગવાંર;

ચલના દૂર અબ ક્યોં થાકે, પંથ ખાંડે કી ધાર ... ૧

અજ હું ચેત કહાં ભયો ગાફેલ, અભ કછુ કર લે સાર ... ૨

વિષય વાદસે બાજ ન આયે, મારા મારા જમ હાર ... ૩

છાંડ કુટિલતા ભજીલે રામનામ, યો હી મત અમારા ... ૪

કહેત કબીર સેવો સાધુજન, તો ઉતરે ભવપાર ... ૫

bhajan page

## 50. Sādhu-jan-no Saňg Re

*Nādbrahma pada 183, rāga - kāfi*

sādhu-jan-no saňg re, bā-ii mane bhāgya malyo hai

ada-sath tirth mārā saňt-ne charane, koti kāshi ne koti gaňgā re ... 1

durjan hoy te to dur ja raheshe, pāde bhajan-māň bhaňg re ... 2

niňdā kare te narake jāshe, thāshe aňdh apaňg re ... 3

bā-ii mirā kahe prabhu giri-dhar-nā gun, māre to eni saňg re ... 4

bhajan page

## 51. Prabhu-ji Vishe Lāgyo Mane Sneh Re

*Nādbrahma pada 184, rāga - kāfi*

prabhu-ji vishe lāgyo mane sneh re, biju mane kāň-ii na game re

paheli pujā aja-dev tamāri, te thaki rahe māri deh re ... 1

hār ne chir huň to nahi paheru rānā, tulasi-ni mālā māre deh re ... 2

bā-ii mirā kahe prabhu giri-dhar-nā gun, hari-charane chit-t levu re ... 3

**૫૦.** **સાધુજનનો સંગ રે**

નાદબ્રહ્મ પદ-૧૮૩, રાગ - કાફી

સાધુજનનો સંગ રે, બાઇ મને ભાગ્ય મળ્યો હૈ;

અડસઠ તીર્થ મારા સંતને ચરણે, કોટી કાશી ને કોટી ગંગા રે ... ૧

દુર્જન હોય તે તો દૂર જ રહેશે, પાડે ભજનમાં ભંગ રે ... ૨

નિંદા કરે તે નરકે જાશે, થાશે અંધ અપંગ રે ... ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, મારે તો એની સંગ રે ... ૪

**૫૧.** **પ્રભુજી વિષે લાગ્યો મને સ્નેહ રે**

નાદબ્રહ્મ પદ-૧૮૪, રાગ - કાફી

પ્રભુજી વિષે લાગ્યો મને સ્નેહ રે, બીજું મને કાંઇ ન ગમે રે;

પહેલી પૂજા અજદેવ તમારી, તે થકી રહે મારી દેહ રે ... ૧

હાર ને ચીર હું તો નહિ પહેરું રાણા, તુલસીની માલા મારે દેહ રે ... ૨

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, હરિચરણે ચિત્ત લેવું રે ... ૩

[bhajan page]

## 52. Sādhu-jan-no Saňg Re
*Nādbrahma pada 186, rāga - kāfi*

sādhu-jan-no saňg re, bā-ii mane bhāgya malyo hai;

kori kori matuki-meň mahi jamāvu, gvālan hokar jāvu re ... 1

ful re maňgāvu vahālā gajarā guňthāvu, mālan hokar jāvu re ... 2

kapadā maňgāvu vahālā bhagavā raňgāvu, jogan hokar jāvu te ... 3

mirā kahe prabhu giri-dhar-nā gun, jyot-meň jyot milāvu re ... 4

[bhajan page]

## 53. Darad Na Jāne Māru Ko-ii Re
*Nādbrahma pada 188, rāga - kāfi*

darad na jāne māru ko-ii re, rāmā meň to darad divāni;

ghāyal ki gat ghāyal jāne, jene viti hoye te jāne re ... 1

sudi upar sej amāri, kisa-bidh rahuň meň so-ii re ... 2

mirā kahe dukh jab hi mite ho, vaidya shyāmalo ho-ii re ... 3

**૫૨.** **સાધુજનનો સંગ રે**

નાદબ્રહ્મ પદ-૧૮૬, રાગ - કાફી

સાધુજનનો સંગ રે, બાઇ મને ભાગ્ય મળ્યો હૈ;

કોરી કોરી મટુકીમેં મહી જમાવું, ગ્વાલન હોકર જાવું રે ... ૧

ફૂલ રે મંગાવું વ્હાલા ગજરા ગૂંથાવું, માલન હોકર જાવું રે ... ૨

કપડા મંગાવું વ્હાલા ભગવા રંગાવું, જોગન હોકર જાવું રે ... ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, જ્યોતમેં જ્યોત મિલાવું રે ... ૪

**૫૩.** **દર્દ ન જાણે મારું કોઇ રે**

નાદબ્રહ્મ પદ-૧૮૮, રાગ - કાફી

દર્દ ન જાણે મારું કોઇ રે, રામા મેં તો દર્દ દિવાની;

ઘાયલ કી ગત ઘાયલ જાણે, જેને વીતી હોયે તે જાણે રે ... ૧

સુડી ઉપર સેજ અમારી, કિસબિધ રહું મેં સોઇ રે ... ૨

મીરાં કહે દુ:ખ જબ હી મિટે હો, વૈદ્ય શ્યામળો હોઇ રે ... ૩

bhajan page

## 54. Kon Kare Jaňjāl Re

*Nādbrahma pada 192, rāga - kāfi*

kon kare jaňjāl re, jug-meň jivan thodā

mātā-pitā-e janma diyo hai, karma diyo kiratār ... 1

māti chun chun mahal banāyā, aňdh kahe ghar merā … 2

nahi ghar terā nahi ghar merā, jātā jaňgal kā derā ... 3

ko-ii to jashe dash vish varas-māň, ko-ii to jashe bāl-pan ... 4

ko-ii u-tare rat-nāgar sāgar, ko-ii to u-tare bhav-pār ... 5

kahe kabir suno bhā-ii sādhu, juthā deh kā khyāl ... 6

**૫૪.** **કોણ કરે જંજાલ રે**

નાદબ્રહ્મ પદ-૧૯૨, રાગ - કાફી

કોણ કરે જંજાલ રે, જુગમેં જીવન થોડા;

માતાપિતાએ જન્મ દિયો હૈ, કર્મ દિયો કિરતાર ... ૧

માટી ચુન ચુન મહલ બનાયા, અંધ કહે ઘર મેરા ... ૨

નહિ ઘર તેરા નહિ ઘર મેરા, જાતા જંગલ કા ડેરા ... ૩

કોઇ તો જશે દશ વીશ વરસમાં, કોઇ તો જશે બાલપન ... ૪

કોઇ ઊતરે રત્નાગર સાગર, કોઇ તો ઊતરે ભવપાર ... ૫

કહે કબીર સુનો ભાઇ સાધુ, જૂઠા દેહ કા ખ્યાલ ... ૬

bhajan page

## 55. Vaishnav Jan To Tene Kahi-e

*Nādbrahma pada 196, rāga - kālero*

vaishnav jan to tene kahi-e, je pida parā-ii jāne re
par-dukhe up-kār kare toye, man abhi-mān na āne re ... 0

sakal lok-māň sahu-ne vaňde, niňdā na kare keni re
vāch kāchh man nish-chal rākhe, dhan dhan jan-ni teni re ... 1

sam-dashti-ne trushnā tyāgi, para-stri jene māt re
jihvā thaki a-satya na bole, par-dhan nav jhāle hāth re ... 2

moh māyā vyāpe nahi jene, druDh vai-rāgya jenā man-māň re
rām nām shuň tāli lāgi, sakal tirth tenā tan-māň re ... 3

van-lobhi ne kapat-rahit chhe, kām krodh ni-vāryā re
bhane nar-sai-yo tenu darshan kar-tā, kul iiko-ter tāryā re ... 4

**૫૫.** **વૈષ્ણવ જન તો તેને કહીએ**

નાદબ્રહ્મ પદ-૧૯૬, રાગ - કાલેરો

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે ... ટેક

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે ... ૧

સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે ... ૨

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામ નામ શું તાળી રે લાગી, સકળ તીર્થ તેના તનમાં રે ... ૩

વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયોં તેનું દર્શન કરતા, કુળ ઇકોતેર તાર્યા રે ... ૪

[bhajan page]

## 56. Bhutal Bhakti Padā-rath Motuň

*Nādbrahma pada 197, rāga - kālero*

bhutal bhakti padā-rath motuň, brahma-lok-māň nahi re;
punya kari amarā-puri pāmyā, aňte chorāshi māňhi re ... 0

hari-nā jan to mukti na māge, janmo janam avatār re;
nit sevā nit kirtan och-chhav, nirakhavā naňda-kumār re ... 1

bharat-khaňd bhutal-māň janami, jene goviňd-nā gun gāyā re;
dhan dhan re enā māt-pitā-ne, safal kari ene kāyā re ... 2

dhan vruňdā-van dhan e lilā, dhan e vraj-nā vāsi re;
ashta mahā-siddhi āňganiye re ubhi, mukti chhe em-ni dāsi re ... 3

e ras-no svād shaňkar jāne, ke jāne shuk jogi re;
kaň-ii eka jāne peli vraj-ni re gopi, bhane nar-sai-yo bhogi re ... 4

## ૫૬. ભૂતળ ભક્તિ પદારથ મોટું

નાદબ્રહ્મ પદ-૧૯૭, રાગ - કાલેરો

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મ લોકમાં નહિ રે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહી રે ... ટેક

હરિના જન તો મુક્તિ ન માગે, જન્મો જન્મ અવતાર રે;
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે ... ૧

ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે;
ધન ધન રે એના માતપિતાને, સફળ કરી એણે કાયા રે ... ૨

ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે;
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે ઊભી, મુક્તિ છે એમની દાસી રે ... ૩

એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે;
કંઇ એક જાણે પેલી વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે ... ૪

[bhajan page]

## 57. Nārāyan-nu Nām Ja Letā

*Nādbrahma pada 198, rāga - kālero*

nārāyan-nu nām ja letā, vāre tene taji-e re
manashā vāchā karmanā kari-ne, lakshmi-var-ne bhaji-e re ... 0

kul-ne taji-e kutumb-ne taji-e, taji-e mā-ne bāp re
bhagini suta dārā-ne taji- e, jem taje kaň-chuki sāp re ... 1

pratham pitā prah-lāde taji-ā, nav taji-yu hari-nu nām re
bharat shatru-ghane taji jane-tā, nav taji-ā shri rām re ... 2

rushi-patni-e, shri-hari kāje, taji-ā nij bhar-thār re
temā tenu kaň-ii-e na gayu, pāmi padā-rath chār re ... 3

vraj-vanitā vith-thal-ne kāje, sarva taji-ne chāli re
bhane nar-sai-yo vrundā-van-māň, mohan sāthe mahāli re ... 4

**૫૭. નારાયણનું નામ જ લેતાં**

નાદબ્રહ્મ પદ-૧૯૮, રાગ – કાલેરો

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે;
મનષા વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીએ રે ... ટેક

કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ માને બાપ રે;
ભગિની સુત દારાને તજીએ, જેમ તજે કંચુકી સાપ રે ... ૧

પ્રથમ પિતા પ્રહલાદે તજીઆ, નવ તજીયું હરિનું નામ રે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીઆ શ્રી રામ રે ... ૨

ઋષિપત્નીએ શ્રીહરિ કાજે, તજીઆ નિજ ભરથાર રે;
તેમાં તેનું કંઈએ ન ગયું, પામી પદારથ ચાર રે ... ૩

વ્રજવનિતા વિઠ્ઠલને કાજે, સર્વ તજીને ચાલી રે;
ભણે નરસૈંયો વૃન્દાવનમાં, મોહન સાથે મહાલી રે ... ૪

## 58. Hari-ni Bhakti Vinā Je Jan Jive

*Nādbrahma pada 199, rāga - kālero*

hari-ni bhakti vinā je jan jive, teno afal gayo avatār re
tulsi-ni mālā tilak pāse, bijā juthā shan-gār re … 0

dash mās januni bhāre māri, jem vahe shir bhār re
deh dhari hari-no dās na kahāve, teni januni-ne dhik-kār re … 1

vaishnav jan vahālā nahi jene, dayā nahi lagār re
nar-sai-yānā svāmi vinā sajani, bijā anek vichār re … 2

## 59. Āvo Re Ala-belā Vahāla

*Nādbrahma pada 200, rāga - kālero*

āvo re ala-belā vahāla, mohan mārā rasiyā re
ātali vār kaho kyāň lāgi tamane, kone mandire vasiyā re … 0

tamane tev padi par ghara-ni, kaho kem kari-e re
amo lok-māň lāji mari-e, kone jo-ii-ne kahi-e re … 1

āja pachhi āvu nav kiji-e, lok-māň hāňsi thāshe re
nar-sai-yānā svāmi jo tajasho amane, lāj tamāri jāshe re … 2

**૫૮.** હરિની ભક્તિ વિના જે જન જીવે

નાદબ્રહ્મ પદ-૧૯૯, રાગ - કાલેરો

હરિની ભક્તિ વિના જે જન જીવે, અફલ ગયો અવતાર રે;
તુલસીની માલા તિલક પાસે, બીજા જુઠાં શણગાર રે ... ટેક

દશ માસ જનુની ભારે મારી, જેમ વહે શીર ભાર રે;
દેહ ધરી હરિનો દાસ ન કહાવે, તેની જનુનીને ધિક્કાર રે ... ૧

વૈષ્ણવ જન વ્હાલા નહિ જેને, દયા નહિ લગાર રે;
નરસૈંયાના સ્વામી વિના સજની, બીજા અનેક વિચાર રે ... ૨

**૫૯.** આવો રે અલબેલા વ્હાલા

નાદબ્રહ્મ પદ-૨૦૦, રાગ - કાલેરો

આવો રે અલબેલા વ્હાલા, મોહન મારા રસિયા રે;
આટલી વાર કહો ક્યાં લાગી તમને, કોને મંદિરે વસિયા રે ... ટેક

તમને ટેવ પડી પર ઘરની, કહો કેમ કરીએ રે;
અમો લોકમાં લાજી મરીએ, કોને જોઈને કહીએ રે ... ૧

આજ પછી આવું નવ કીજીએ, લોકમાં હાંસી થાશે રે;
નરસૈંયાના સ્વામી જો તજશો અમને, લાજ તમારી જાશે રે ... ૨

bhajan page

## 60. Mehulo Re Gāje-ne Mādhav Nāche

*Nādbrahma pada 203, rāga - kālero*

mehulo re gāje-ne mādhav nāche, rum-jhum vāje ghughari re
tāl pakhāvaj bajāve gopi, krishna vagāde vāňsaladi re ... 0

paheryā charan ne chir chuňdadi, oDhi a-i-si patoli re
dādur mor ba-paiyā bole, madhurishi bole koyal re ... 1

dhan baňshi-bat dhan yamunā tat, dhan vrundāvan avatār re
dhan nar-sai-ya-ni jibhaladi-ne, jene gāyo rāg mālar re ... 2

## ૯૦. મેહુલો રે ગાજે ને માધવ નાચે

નાદબ્રહ્મ પદ-૨૦૩, રાગ - કાલેરો

મેહુલો રે ગાજે ને માધવ નાચે, રુમઝુમ વાજે ઘુઘરી રે;
તાલ પખાવજ બજાવે ગોપી, કૃષ્ણ વગાડે વાંસલડી રે ... ટેક

પહેર્યાં ચરણ ને ચીર ચુંદડી, ઓઢી ઐસી પટોળી રે;
દાદૂર મોર બપૈયા બોલે, મધુરીશી બોલે કોયલ રે ... ૧

ધન બંશીબટ ધન યમુના તટ, ધન વૃન્દાવન અવતાર રે;
ધન નરસૈંયાની જીભલડીને, જેણે ગાયો રાગ મલાર રે ... ૨

bhajan page

## 61. Āja Vrundā-van Ānaňd Sāgar

*Nādbrahma pada 204, rāga - kālero*

āja vrundā-van ānaňd sāgar, shā-maliyo saňge rās rame
nat-var veshe baňshi bajāve, gopi-o ne man goviňd game ... 0

sol kalā-ni shashi shir u-par, udu-gan sahit vimān bhame
nir gam-bhir sthir yamunā tat, trividha tan-nā tāp shame ... 1

gopi nisharyā nar-hari jovā-ne, nikalyā sole shan-gār saji
tole tolā ubhā rahi-ne, nira-khat nayanā bhari bhari ... 2

eka eka gopi bichamā mādhav, kara-grahi maňdali māňhi rame
tā thai tā thai tān milāve, rāg rāgani shame re shame ... 3

harakhyā suri-nar dev muni-jan, pushpa vrushti kari charane name
bhane nar-sai-yo dhan vraj nāri, jene kāje jogi deh dame ... 4

## ૬૧. આજ વૃન્દાવન આનંદ સાગર

નાદબ્રહ્મ પદ-૨૦૪, રાગ - કાલેરો

આજ વૃન્દાવન આનંદ સાગર, શામળિયો સંગે રાસ રમે;
નટવર વેશે બંસી બજાવે, ગોપીઓ ને મન ગોવિંદ ગમે ... ટેક

સોળ કળાની શશી શિર ઉપર, ઉડુગણ સહિત વિમાન ભમે;
નીર ગંભીર સ્થિર યમુના તટ, ત્રિવિધ તનના તાપ શમે ... ૧

ગોપી નીસર્યા નરહરિ જોવાને, નીકળ્યા સોળે શણગાર સજી;
ટોળે ટોળાં ઊભા રહીને, નીરખત નયણા ભરી ભરી ... ૨

એક એક ગોપી બીચમા માધવ, કરગ્રહી મંડલી માંહી રમે;
તા થૈ તા થૈ તાન મિલાવે, રાગ રાગણી શમે રે શમે ... ૩

હરખ્યાં સુરિનર દેવ મુનિજન, પુષ્પ વૃષ્ટિ કરી ચરણે નમે;
ભણે નરસૈંયો ધન વ્રજ નારી, જેણે કાજે જોગી દેહ દમે ... ૪

bhajan page

## 62. Sāmbhal Re Shyā-maliyā Vahālā

*Nādbrahma pada 205, rāga - kālero*

sāmbhal re shyā-maliyā vahālā, tāre māre ghani māyā re
jo mahetā-ji jamavā na āve, tat-kshan taju māri kāyā re ... 0

kapat nahi kāň-ii mahetā-nā man-māň, hete hari-nā gun gāvu re
vaishnav-jan kero vesh dekhi-ne, mahetā ne maňdir jāvu re ... 1

vishvam-bhar vinaňti māri māno, prit purva-ni rākho re
amo abalā ko ādhār tamāro, bhakta ud-dhāran rākho re ... 2

nāgar sarve jamavā chālyā, hāth-māň chambu lidhā re
aňtar-yāmi-e tat-kshan jānyu, nyāt-māň Dhedā kidhā re ... 3

thar thar nāgar dhrujavā lāgyā, kaho kem kari-shuň re
mahetā-ji-ne nyāt bahār pādatā, āpan sarve padi-shuň re ... 4

mān muki manāv-vā chālyā, mahetā-ji sharane rākho re
bhakti tano chhe moto mahimā, nita nita darashan āpo re ... 5

kapat nahi kāň-ii bhakta-nā man-māň, mahetā-ji jamavā āvyā re
mān-bāii-nā svāmi shyāmaliyā, nyāt-māň Dhedā samāvyā re ... 6

**૬૨. સાંભળ રે શ્યામળિયા રે વ્હાલા**

નાદબ્રહ્મ પદ-૨૦૫, રાગ - કાલેરો

સાંભળ રે શ્યામળિયા રે વ્હાલા, તારે ને મારે ઘણી માયા રે;
જો મહેતાજી જમવા ન આવે, તત્ક્ષણ તજું મારી કાયા રે ... ટેક

કપટ નહિ કાંઇ મહેતાનાં મનમાં, હેતે હરિના ગુણ ગાવું રે;
વૈષ્ણવજન કેરો વેષ દેખીને, મહેતા ને મંદિર જાવું રે ... ૧

વિશ્વંભર વિનંતિ મારી માનો, પ્રીત પૂર્વની રાખો રે;
અમો અબલા કો આધાર તમારો, ભક્ત ઉદ્ધારણ રાખો રે ... ૨

નાગર સર્વે જમવા ચાલ્યા, હાથમાં ચંબુ લીધાં રે;
અંતર્યામીએ તત્ક્ષણ જાણ્યું, ન્યાતમાં ઢેડાં કીધાં રે ... ૩

થર થર નાગર ધ્રૂજવા લાગ્યા, કહો કેમ કરીશું રે;
મહેતાજીને ન્યાત બહાર પાડતા, આપણ સર્વે પડીશું રે ... ૪

માન મૂકી મનાવવા ચાલ્યા, મહેતાજી શરણે રાખો રે;
ભક્તિ તણો છે મોટો મહિમા, નિત નિત દર્શન આપો રે ... ૫

કપટ નહિ કાંઇ ભક્તના મનમાં, મહેતાજી જમવા આવ્યા રે;
માનબાઇના સ્વામી શ્યામળિયા, ન્યાતમાં ઢેડા સમાવ્યા રે ... ૬

bhajan page

## 63. Pote Potā-nu Ghar Jānavu Jo-ii-e

*Nādbrahma pada 209, rāga - kālero*

pote potā-nu ghar jānavu jo-ii-e, janyā vinā kaho kyaň ja-ii-e
ana olakhye oshi-yālā tha-ii-ne, par-gher ubhā nav rahi-e ... 0

paranyo paranyo piyu na bhālyo, sāsariyā-nu sukh nav dithu
amrut-pe ati lāge mithu, nām dhani-nu rudu re ... 1

ko-ii kāl-no jiv bhame chhe, thari nahi betho tham re
āvyo prāni lahāvo ja levā, bhedu vinā bhat-kāyo re ... 2

mārag mE(h)li ku-mārge chālyo, nahi jadyu gām ne dhām re
ran-chhod-nā svāmi suňdir-var, gher gher bhat-kāno re ... 3

bhajan page

## 64. Huň Tane Puchhuň Māri Veran Nidrā

*Nādbrahma pada 210, rāga - kālero*

huň tane puchhuň māri veran nidrā, tuň chhe nār dhutāri re
nathi dhutāri huň to nathi thagāri, huň chhuň komal nāri re … 0

prāni-mātra-ne vish-rām āpu, dukh-sukh mElu visāri re
nātak chetak bhāňd bhavā-ii, tyāň to huň nav ja-uň re … 1

kathā kirtan dhol maňgal, tyāň ja-ii pāvan thā-uň re
bhale malyā maheta nar-sai-yā-nā svāmi, nidrā-māň sukhe poDhyā re … 2

### ૬૩. પોતે પોતાનું ઘર જાણવું જોઇએ

નાદબ્રહ્મ પદ-૨૦૯, રાગ - કાલેરો

પોતે પોતાનું ઘર જાણવું જોઇએ, જાણ્યા વિના કહો ક્યાં જઇએ;
અણ ઓળખ્યે ઓશિયાળાં થઇને, પરઘેર ઊભા નવ રહીએ ... ટેક

પરણ્યો પરણ્યો પિયુ નજરે ન ભાળ્યો, સાસરિયાનું સુખ નવ દીઠું;
અમૃતપે અતિ લાગે મીઠું, નામ ધણીનું રૂડું રે ... ૧

કોઇ કાલનો જીવ ભમે છે, ઠરી નહિ બેઠો ઠામ રે;
આવ્યો પ્રાણી લ્હાવો જ લેવા, ભેદુ વિના ભટકાયો રે ... ૨

માર્ગ મેલી કુમાર્ગે ચાલ્યો, નહિ જડયું ગામ ને ધામ રે;
રણછોડના સ્વામી સુંદીરવર, ઘેર ઘેર ભટકાણો રે ... ૩

### ૬૪. હું તને પૂછું મારી વેરણ નિદ્રા

નાદબ્રહ્મ પદ-૨૧૦, રાગ - કાલેરો

હું તને પૂછું મારી વેરણ નિદ્રા, તું છે નાર ધુતારી રે;
નથી ધુતારી હું તો નથી ઠગારી, હું છું કોમલ નારી રે ... ટેક

પ્રાણીમાત્રને વિશ્રામ આપું, દુઃખસુખ મેલું વિસારી રે;
નાટક ચેટક ભાંડ ભવાઈ, ત્યાં તો હું નવ જાઉં રે ... ૧

કથા કીર્તન ધોળ મંગલ, ત્યાં જઈ પાવન થાઉં રે;
ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી, નિદ્રામાં સુખે પોઢ્યા રે ... ૨

bhajan page

## 65. Āja Sonā-no Surya Ugyo

*Nādbrahma pada 215, rāga - kālero*

āja sonā-no surya ugyo, vahālā-ji gher āvyā
kām kāj mane kāň-ii na sujhe, mohan-ji man bhāvyā ... 0

āje māre man ānaňd ati-ghano, pātharnā patharāvu
chuva chaňdan kasturi-nā chhāňtaniyā chhaňtāvu ... 1

prem āni-ne puru sāthiyā, toran dvāre baňdhāvu
ārati utāru mārā krishna-jivan-ni moti-de vadhāvu ... 2

ghughari ghamake ne chāle thamake, sonā ambar shohe
kaňthe hār hāthe bāja baňdh, latake tri-bhuvan mohe ... 3

rum-jhum rum-jhum huň to chālu, durjan loko hase
bhale malyā mahetā nar-saňi-nā svāmi, niňda-nārā hāth ghase ... 4

**૬૫. આજ સોનાનો સૂર્ય ઉગ્યો**

નાદબ્રહ્મ પદ-૨૧૫, રાગ - કાલેરો

આજ સોનાનો સૂર્ય ઉગ્યો, વ્હાલાજી ઘેર આવ્યા;
કામ કાજ મને કાંઈ ન સુઝે, મોહનજી મન ભાવ્યા ... ટેક

આજે મારે મન આનંદ અતિઘણો, પાથરણાં પથરાવું;
ચૂવા ચંદન કસ્તુરીના, છાંટણિયા છંટાવું ... ૧

પ્રેમ આણીને પૂરું સાથિયા, તોરણ દ્વારે બંધાવું;
આરતી ઉતારું મારા કૃષ્ણજીવણની, મોતીડે વધાવું ... ૨

ઘુઘરી ઘમકે ને ચાલે ઠમકે, સોના અંબર શોહે;
કંઠે હાર હાથે બાજુ બંધ, લટકે ત્રિભુવન મોહે ... ૩

રૂમઝુમ રૂમઝુમ હું તો ચાલું, દુર્જન લોકો હસે;
ભલે મળ્યા મહેતા નરસૈંઇના સ્વામી, નિંદનારા હાથ ઘસે ... ૪

[bhajan page]

## 66. Juththā Bolā Jādav Tāro

*rāga - kālerā-nu tān*

juththā bolā jādav tāro, bhed na jāne ko-ii
bhed na jāne ko-ii tāro, pār na jāne ko-ii

swarga-bhuvan-thi lāvyā nārad, pāri-jāti-nu ful
pāňkhadi eka na mokali (alyā), tame kidhā hamārā mul ... juththā bolā

pāri-jāti-ni dāle vahāle, hiňdolā baňdhāvyā
sarve sakhi mali hiňcha-ke (alyā), māňhi gira-dhar gopāl ... juththā bolā

bali-rājā-ne bārne āvi, māňgyā tran vachan
vāman-rupe chhetariyo (alyā), tame vadhi gayā gagan ... juththā bolā

gokul-māň vantolyo vāyo, indra-no ānyo ant
giri govardhan kar dharyo (alyā), tame evā chho bala-vaňt ... juththā bolā

dānav-kul nikaňdan kidhuň, bhakto-ne ugāryā
nar-sai-yā-nā svāmi malyā (alyā), utāryā bhav-pār ... juththā bolā

## ૬૬. જુઠ્ઠા બોલા જાદવ તારો

રાગ - કાલેરાનું તાન

જુઠ્ઠા બોલા જાદવ તારો, ભેદ ન જાણે કોઇ
ભેદ ન જાણે કોઇ તારો, પાર ન જાણે કોઇ

સ્વર્ગભુવનથી લાવ્યા નારદ, પારિજાતીનું ફૂલ (૨)
પાંખડી એક ન મોકલી (અલ્યા), તમે કીધા હમારા મુલ ... જુઠ્ઠા બોલા

પારિજાતીની ડાળે વ્હાલે, હિંડોળા બંધાવ્યા (૨)
સર્વે સખી મળી હીંચકે (અલ્યા), માંહી ગિરધર ગોપાલ ... જુઠ્ઠા બોલા

બલીરાજાને બારણે આવી, માંગ્યા ત્રણ વચન (૨)
વામનરૂપે છેતરીયો (અલ્યા), તમે વધી ગયા ગગન ... જુઠ્ઠા બોલા

ગોકુળમાં વંટોળ્યો વાયો, ઈન્દ્રનો આણ્યો અંત (૨)
ગિરી ગોવર્ધન કર ધર્યો (અલ્યા), તમે એવા છો બળવંત ... જુઠ્ઠા બોલા

દાનવકુલ નિકંદન કીધું, ભક્તોને ઉગાર્યા (૨)
નરસૈંયાના સ્વામી મળ્યા (અલ્યા), ઉતાર્યા ભવપાર ... જુઠ્ઠા બોલા

bhajan page

## 67. Shyām-ne Kahejo Re

*Nādbrahma pada 220, rāga - māru*

shyām-ne kahejo re, saňdesho, shyām-ne kahejo;
ich-chhā hoy tyaň sudhi re, dvārikā-māň rahejo re ... 0

akarur sāthe āvyā re, rath besi ban-ne vira;
bhari sabhā-meň puryā re, dra-u-padi kera chir ... 1

jāni jāt jādav-tani re, jene kidhā be bāp re;
māmo potā-no māryo re, tene nāri hanyā-nu shuň pāp ... 2

parone ghar na vase re, padoshi na bhāňge bhid re;
vityā vinā nav jāni-e re, prem priyā-ni prit ... 3

ga-u-dhe-nu ghās chuge nahi re, bachhu-ā na pi-e kshir;
shyām vinā-nu sunu gokuliyu, sunā math yamunā tir ... 4

ul-laňdhi abalā tanā re, keshav dharajo kahān;
be-u kar-jodi vinavu re, tāru dhare nar-sai-yo dhyān ... 5

**૬૭. શ્યામને કહેજો રે સંદેશો**

નાદબ્રહ્મ પદ-૨૨૦, રાગ - મારૂ

શ્યામને કહેજો રે, સંદેશો, શ્યામને કહેજો;
ઇચ્છા હોય ત્યાં સુધી રે, દ્વારિકામાં રહેજો રે ... ટેક

અકરુર સાથે આવ્યા રે, રથ બેસી બન્ને વીર;
ભરી સભામેં પૂર્યાં રે, દ્રૌપદી કેરા ચીર ... ૧

જાણી જાત જાદવતણી રે, જેણે કીધા બે બાપ રે;
મામો પોતાનો માર્યો રે, તેને નારી હણ્યાનું શું પાપ ... ૨

પરોણે ઘર ન વસે રે, પડોશી ન ભાંગે ભીડ રે;
વીત્યા વિના નવ જાણીએ રે, પ્રેમ પ્રિયાની પ્રીત ... ૩

ગૌધેનૂ ઘાસ ચુગે નહિ રે, બછુઆ ન પીએ ક્ષીર;
શ્યામ વિનાનું સૂનું ગોકુળિયું, સૂના મઠ યમુના તીર ... ૪

ઉલ્લંઘી અબળા તણા રે, કેશવ ધરજો કાન;
બેઉ કરજોડી વિનવું રે, તારૂ ધરે નરસૈંયો ધ્યાન ... ૫

bhajan page

## 68. Āvyā Re Āsha Bharyā

*Nādbrahma pada 225, rāga - māru*

āvyā re āsha bharyā, vahālā-ji amo, āvyā re āsha bharyā;
viňdhāyā man nahi vale pāchhā, tāri morlali-e prān haryā ... 0

sut-ne mEli amo pati-ne mElyā, mEli kul maryādā;
māt tāt visāryā mohan-ji, shyāma tamāre kāj ... 1

evā evā vachan suni hari hasi-ā, āpane rami-shuň rās;
motā kul-nā tamo mohan-ji, puro māra manadā-ni āsha ... 2

suňdar rāt sharad punam-ni, suňdar āso mās;
nar-sai-yā-nā svāmi saňge ramatā, rajani tha-ii shat mās ... 3

## 69. Ruduň Re Ramatā

*Nādbrahma pada 226, rāga - māru*

ruduň re ramatā, vrundā-van, ruduň re ramatā
kshin khānd dhrut manhi re bheline, kevu lāge jamatā **...** 0

motā muni-ne dhyāne na āve vahālo, yogi deh damatā
mukti thaki ava-tār bhalero, hari harane bhajatā … 1

gopi govālā-ni goth mali-ne, ramatā rudi ramatā
nara-sai-yānā svāmi-ni saňge damatā, have rākhyā bhamatā re … 2

### ૬૮. આવ્યા રે આશ ભર્યા

નાદબ્રહ્મ પદ-૨૨૫, રાગ - મારૂ

આવ્યા રે આશ ભર્યા, વ્હાલાજી અમો, આવ્યા રે આશ ભર્યા;
વીંધાયા મન નહિ વળે પાછા, તારી મોરલીએ પ્રાણ હર્યા ... ટેક

સુતને મેલી અમો પતિને મેલ્યાં, મેલી કુલ મર્યાદા;
માત તાત વિસાર્યા મોહનજી, શ્યામ તમારે કાજ ... ૧

એવાં એવાં વચન સુણી હરિ હસીઆ, આપણે રમીશું રાસ;
મોટા કુલના તમો મોહનજી, પુરો મારા મનડાની આશ ... ૨

સુંદર રાત શરદ પુનમની, સુંદર આસો માસ;
નરસૈંયાના સ્વામી સંગે રમતા, રજની થઇ ષટ્ માસ ... ૩

### ૬૯. રૂડું રે રમતાં

નાદબ્રહ્મ પદ-૨૨૬, રાગ - મારૂ

રૂડું રે રમતાં, વૃંદાવન, રૂડું રે રમતાં;
ક્ષીણ ખાંડ ધૃત મંહી રે ભેળીને, કેવું લાગે જમતાં ... ટેક

મોટા મુનિને ધ્યાને ન આવે વ્હાલો, યોગ દેહ દમતા;
મુક્તિ થકી અવતાર ભલેરો, હરિ હરને ભજતાં ... ૧

ગોપી ગોવાલાની ગોઠ મલીને, રમત રૂડી રમતાં;
નરસૈંયાના સ્વામીની સંગે દમતાં, હવે રાખ્યા ભમતાં રે ... ૨

bhajan page

## 70. Chal-nā Re Mere Bhā-ii

*Nādbrahma pada 235, rāga - bihāg*

chal-nā re mere bhā-ii, mārag, chal-nā re mere bhā-ii
din dash āge din dash pichhe, mat ko-ii karo re badā-ii ... 0

kāhuko ghar pāňch kos par, kāhuko dash-vish
saňtan-ko ghar nij-purimāň, rām-nām jug-dish ... 1

ā hāt-vāde sode āyo, kachhu deke kachhu pāyo
totā baholā sohi jāne, jene e hāt lagāyo ... 2

terā shir par jam chhe va-ii-ri, ajahu samaj mere bhā-ii
kahe kabir so-ii jan ugaryā, jene samaryā raghu-rā-ii ... 3

bhajan page

## 71. Ghar Kar Dariyā Māňhe

*Nādbrahma pada 236, rāga - bihāg*

ghar kar dariyā māňhe, mach-chhi, ghar kar dariyā māňhe
shilar torā do din bāsā, aňt-kāl kahāň jāshi ... 0

jahāň nahi jāl jahāň nahi Dhimar, jahāň nahi baňshi bajāy
amar lok jahāň maran na pāve, ut-pat-ti pralay nahi ... 1

sab-se bade sab dike tere, sab-ke hai-yā māňhi
kahe kabir suno bhā-ii sādhu, graho shabda ki bāňy ... 2

### ૭૦. ચલના રે મેરે ભાઇ

નાદબ્રહ્મ પદ-૨૩૫, રાગ - બિહાગ

ચલના રે મેરે ભાઇ, મારગ, ચલના રે મેરે ભાઇ;
દિન દશ આગે દિન દશ પીછે, મત કોઇ કરો રે બડાઇ ... ટેક

કાહુકો ઘર પાંચ કોસ પર, કાહુકો દશવીશ;
સંતનકો ઘર નિજપુરીમાં, રામનામ જુગદીશ ... ૧

આ હાટવાડે સોદે આયો, કછુ દેકે કછુ પાયો;
તોટા બ્હોળા સોહી જાણે, જેણે એ હાટ લગાયો ... ૨

તેરા શિર પર જમ છે વૈરી, અજહુ સમજ મેરે ભાઇ;
કહે કબીર સોઇ જન ઉગર્યા, જેણે સમર્યા રઘુરાઇ ... ૩

### ૭૧. ઘર કર દરિયા માંહે

નાદબ્રહ્મ પદ-૨૩૬, રાગ - બિહાગ

ઘર કર દરિયા માંહે, મચ્છી, ઘર કર દરિયા માંહે;
શીલર તોરા દો દિન બાસા, અંતકાલ કહાં જાશી ... ટેક

જહાં નહિ જાલ જહાં નહિ ઢીમર, જહાં નહિ બંશી બજાય;
અમર લોક જહાં મરણ ન પાવે, ઉત્પત્તિ પ્રલય નહિ ... ૧

સબસે બડે સબ ડીકે તેરે, સબ કે હૈયાં માંહી;
કહે કબીર સુનો ભાઇ સાધુ, ગ્રહો શબ્દ કી બાંય ... ૨

## 72. Kahāň Jo Padhā-ii Meri Mātā
*Nādbrahma pada 249, rāga - bihāg*

kahāň jo paDhā-ii meri mātā, raghu-var, kahāň jo padhā-ii meri mātā
sunu bhuvan sunu siňhā-san, nahi ghar dash-rath tāt … 0

dhik janu-ni dhik tero jivan, kari kapat mukh bātā
sevak rāj karo bin thākor, aňk lakhyo hai vidhātā … 1

ka-u-shalyā rudan kare ati-bhāri, shithil bhaye sab gāt
kahā jo karu januni dosh lāge, nahi to karu āpaghāt … 2

do-u bhrāt saňge raghu-vir-ni, nahi ko-ii saňg ne sāth
tulasi-dās ka-u-shalyā ke sut, avadh badhe raghu-nāth … 3

bhajan page

## 73. Tum Ghar Jā-o Mere Vir
*Nādbrahma pada 240, rāga - bihāg*

tum ghar jā-o mere vir, bharat-ji, tum ghar jā-o mere vir
rudan kare ka-u-shalyā mai-yā, ja-ii-ne dharāvo dhir ... 0

bhukho ko kachhu bhojan dije, nagna ko pat chir
avadh-puri ko rāj karoge, nahājo sarayu nir ... 1

sitā sarakhi sati jati saňgāte, chāli hai samudra-ke tir
tulasi-dās ka-u-shalyā-ke sut, mil mil vinave vir ... 2

**૭૨. કહાં જો પઢાઈ મેરી માતા**

નાદબ્રહ્મ પદ-૨૩૯, રાગ - બિહાગ

કહાં જો પઢાઈ મેરી માતા, રઘુવર, કહાં જો પઢાઈ મેરી માતા;
સુનુ ભુવન સુનુ સિંહાસન, નહિ ઘર દશરથ તાત ... ટેક

ધિક્ જનુની ધિક્ તેરો જીવન, કરી કપટ મુખ બાતા;
સેવક રાજ કરો બિન ઠાકોર, અંક લખ્યો હૈ વિધાતા ... ૧

કૌશલ્યા રુદન કરે અતિભારી, શિથિલ ભયે સબ ગાત;
કહાં જો કરું જનુની દોષ લાગે, નહિ તો કરું આપઘાત ... ૨

દોઉ ભ્રાત સંગે રઘુવીરની, નહિ કોઈ સંગ ને સાથ;
તુલસીદાસ કૌશલ્યા કે સુત, અવધ બઢે રઘુનાથ ... ૩

**૭૩. તુમ ઘર જાઓ મેરે વીર**

નાદબ્રહ્મ પદ-૨૪૦, રાગ - બિહાગ

તુમ ઘર જાઓ મેરે વીર, ભરતજી, તુમ ઘર જાઓ મેરે વીર;
રુદન કરે કૌશલ્યા મૈયા, જઈને ધરાવો ધીર ... ટેક

ભૂખોં કો કછુ ભોજન દીજે, નગ્ન કો પટ ચીર;
અવધપુરી કો રાજ કરોગે, ન્હાજો સરયુ નીર ... ૧

સીતા સરખી સતી જતી સંગાતે, ચાલી હૈ સમુદ્રકે તીર;
તુલસીદાસ કૌશલ્યા કે સુત, મિલ મિલ વિનવે વીર ... ૨

bhajan page

## 74. Giri-dhar Pri-tam Pyāro

*Nādbrahma pada 247, rāga - sorath*

giri-dhar pri-tam pyāro, rānā-ji māre, giri-dhar pri-tam pyāro
hai ghat-bhitar ghat-huň se nyāro, sab-ko sarjan-hāro re ... 0

dhanā bhagat ko kshetra nip-jāv-yo, nām ko chhāp chhavāyo
kabirā ke ghar poth ja lāye, āpa bhayo van-jāro ... 1

vish re fedi ne vahāle vishayā kidhi, bhakta chaňdra-hās u-gāryo
ga-u-tam nāri ahalyā tāri, kir kutumba sab tāryo ... 2

gaj ke kārane prabhu pedal dhāya, dra-u-padi-ko chir baDhāyo
hiranā-kaňs ko udar vidāryo, jan prah-lād ugāryo ... 3

mirā kahe prabhu giri-dhar-nā gun, sab saňtan-ko pyāro
janamo janam ki dāsi tumhāri, kaho rānā kon vichāro ... 4

## ૭૪. ગિરિધર પ્રીતમ પ્યારો

નાદબ્રહ્મ પદ-૨૪૭, રાગ - સોરઠ

ગિરિધર પ્રીતમ પ્યારો, રાણાજી મારે, ગિરિધર પ્રીતમ પ્યારો;
હૈ ઘટભીતર ઘટહું સે ન્યારો, સબકો સર્જનહારો ... ટેક

ધના ભગત કો ક્ષેત્ર નીપજાવ્યો, નામ કો છાપ છવાંયો;
કબીરા કે ઘર પોઠ જ લાયે, આપ ભયો વણજારો ... ૧

વિષ રે ફેડી ને વ્હાલે વિષયા કીધી, ભક્ત ચંદ્રહાસ ઉગાર્યો;
ગૌતમ નારી અહલ્યા તારી, કીર કુટુંબ સબ તાર્યો ... ૨

ગજ કે કારણે પ્રભુ પેદલ ધાયા, દ્રૌપદીકો ચીર બઢાયો;
હિરણાકંસ કો ઉદર વિડાર્યો, જન પ્રહ્લાદ ઉગાર્યો ... ૩

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સબ સંતનકો પ્યારો;
જન્મો જન્મ કી દાસી તુમ્હારી, કહો રાણા કોણ વિચારો ... ૪

bhajan page

## 75. Khele Rāt Aňdhāri

*Nādbrahma pada 248, rāga - sorath*

khele rāt aňdhāri, tāro jan, khele rāt aňdhāri
das pāňch mil-kar vaishnav āye, ju-o man vichāri ... 0

dālu bhar-kar ga-uň ko lāye, upar nāňkhi thāli
āňgan āye had-selo dino, sāmbhal sula-kshanā nāri ... 1

vahānu vāshe tyāre pagi-o āvashe, shi gati thāse māri
jhar-mar jhar-mar mehulo varasyo, prabhu-ji-e vāt sudhāri re ... 2

saňt-ne kārane chori kini, maran ki shaňkā na āni
ghātam-dās jāta-ko meno, āye sharane tum-hāre ... 3

**૭૫.** ખેલે રાત અંધારી

નાદબ્રહ્મ પદ-૨૪૮, રાગ - સોરઠ

ખેલે રાત અંધારી, તારો જન, ખેલે રાત અંધારી;
દસ પાંચ મિલકર વૈષ્ણવ આયે, જુઓ મન વિચારી ... ટેક

ડાલુ ભરકર ઘઉં કો લાયે, ઉપર નાંખી થાળી;
આંગણ આયે હડસેલો દિનો, સાંભળ સુલક્ષણા નારી ... ૧

વહાણું વાશે ત્યારે પગીઓ આવશે, શી ગતિ થાશે મારી;
ઝરમર ઝરમર મેહુલો વરસ્યો, પ્રભુજીએ વાત સુધારી ... ૨

સંતને કારણે ચોરી કીની, મરણ કી શંકા ન આણી;
ધાટમદાસ જાતકો મેણો, આયે શરણે તુમ્હારે ... ૩

bhajan page

## 76. Nahi Āvyā Re Nahi Āvyā

*Nādbrahma pada 253, rāga - deshi fer sorath (sorathi)*

nahi āvyā re nahi āvyā, nāth-ji, nahi āvyā
mali mathurā-meň mohini nār, gokuliyu kem bhāve

āgal hatā govāliyā, thayā mathurā-nā rāy
kaho bhā-ii gokul-meň kem rahevāye, nit nit dohavi pade gāy ... 1

mathurā-meň hari shāla dushālā, nānā vidhanā vāgā
gokuliyu mEli-ne vahālo nāshi gayo, kāli kāmali o-Dha-vāne dhāgā ... 2

kaňs-rāy-ni dāsi kubajā, khuňdhi ne vali khodi
kāli kubajā ne kālo kahān-ji, sarakhe sarakhi jodi ... 3

vruňdā-van-ni kuňj galin-meň, hari-e ramādyo rās
nar-sai-yā-no svāmi am-ne mEli gayo, kari ne gayā nirāsh ... 4

**૭૬. નહિ આવ્યા રે નહિ આવ્યા**

નાદબ્રહ્મ પદ-૨૫૩, રાગ - દેશી ફેર સોરઠ (સોરઠી)

નહિ આવ્યા રે નહિ આવ્યા, નાથજી, નહિ આવ્યા;
મળી મથુરામેં મોહિની નાર, ગોકુળિયું કેમ ભાવે;

આગળ હતા ગોવાળિયા, થયા મથુરાના રાય;
કહો ભાઇ ગોકુલમેં કેમ રહેવાયે, નિત નિત દોહવી પડે ગાય ... ૧

મથુરામેં હરિ શાલ દુશાલા, નાના વિધના વાગા;
ગોકુળિયું મેલીને વ્હાલો નાશી ગયો, કાળી કામળી ઓઢવાને ધાગા ... ૨

કંસરાયની દાસી કુબ્જા, ખુંધી ને વળી ખોડી;
કાળી કુબ્જા ને કાળો કહાનજી, સરખે સરખી જોડી ... ૩

વૃંદાવનની કુંજ ગલિનમેં, હરિએ રમાડ્યો રાસ;
નરસૈંયાનો સ્વામી અમને મેલી ગયો, કરી ને ગયા નિરાશ ... ૪

bhajan page

## 77. Dekhi Dekhi Shri Rām-ji-ko Rup

*Nādbrahma pada 254, rāga - deshi fer sorath (sorathi)*

dekhi dekhi shri rām-ji-ko rup, janak-rājā mohi rahyā

rājā puchhe suno rushi-rāy, e da-u bālak konā
kon nagari-meň janma liyo hai, kaho ji kahā ke vāsi ... 0

rushi bolyā suno rājā-ji, ayodhyā ke vāsi
rājā dash-rath ghar janma liyo hai, puran brahma avi-nāshi ... 1

desh desh ke rājā āye, a-ur duniyā bhupālā
brahmā bai-thā ne mahā-dev bai-thā, dhanush uthāyo kin jāya ... 2

jab raghu-nāthe dhanush uthāyo, sabhā rahi mur-jhā-ii
gore gore taniyā mrug lochaniyā, in par dāri var-mālā ... 3

dhan dash-rath dhan ka-u-shalyā maiyā, jene hari god khelaiyā
tulasi-dās prabhu rup nihālu, janamo janam yash gā-uň ... 4

**૭૭. દેખી દેખી શ્રી રામજીકો રૂપ**

નાદબ્રહ્મ પદ-૨૫૪, રાગ - દેશી ફેર સોરઠ (સોરઠી)

દેખી દેખી શ્રી રામજીકો રૂપ, જનકરાજા મોહી રહ્યા;

રાજા પુછે સુનો ઋષિરાય, એ દૌ બાલક કોના;
કોણ નગરીમેં જન્મ લિયો હૈ, કહો જી કહાં કે વાસી ... ટેક

ઋષિ બોલ્યા સુનો રાજાજી, અયોધ્યા કે વાસી;
રાજા દશરથ ઘર જન્મ લિયો હૈ, પુરણ બ્રહ્મ અવિનાશી ... ૧

દેશ દેશ કે રાજા આયે, ઔર દુનિયા ભૂપાલા;
બ્રહ્મા બૈઠા ને મહાદેવ બૈઠા, ધનુષ ઉઠાયો કીન જાય ... ૨

જબ રઘુનાથે ધનુષ ઉઠાયો, સભા રહી મુરઝાઇ;
ગોરે ગોરે તનીયા મૃગ લોચનિયા, ઇન પર ડારી વરમાલા ... ૩

ધન દશરથ ધન કોશલ્યા મૈયા, જેણે હરિ ગોદ ખેલૈયા;
તુલસીદાસ પ્રભુ રૂપ નિહાળું, જન્મો જન્મ યશ ગાઉં ... ૪

bhajan page

## 78. Mane Kān-ji Joyā-nā Kod

*Nādbrahma pada 259, rāga - deshi fer sorath (sorathi)*

mane kān-ji joyā-nā kod, saiyar chālo-ni;

dahere dahere divā karu, huň pujuň shaňkar shiv
shyāmaliyā var pām-vā, huň karu shambhu-ni sev ... 0

chaňdan-bhari talāv-di re, moti-e bāňdhi pāl
kān-ji dhu-e rudā dhotiyā re, rādhā pāni la-ii-ne hāra ... 1

sāsu amāri jasho-mati, sasarā shri naňda-lāl
kāňth kodilo māro kān-ji re, māru sāsaru gokul gām ... 2

gā-ii shikhe ne sāmbhale re, hari rādhā-no rās
te nar vai-kuňth pām-she re, gun gāye nar-sai-yo dās ... 3

**૭૮. મને કાનજી જોયાના કોડ**

નાદબ્રહ્મ પદ-૨૫૯, રાગ - દેશી ફેર સોરઠ (સોરઠી)

મને કાનજી જોયાના કોડ, સૈયર ચાલોની;

દહેરે દહેરે દીવા કરું, હું પુજું શંકર શિવ;
શ્યામળિયા વર પામવા, હું કરું શંભુની સેવ ... ટેક

ચંદનભરી તલાવડી રે, મોતીએ બાંધી પાળ;
કાનજી ધુએ રૂડા ધોતિયાં રે, રાધા પાણી લઇને હાર ... ૧

સાસુ અમારી જશોમતી, સસરા શ્રી નંદલાલ;
કંથ કોડીલો મારો કાનજી રે, મારુ સાસરું ગોકુળ ગામ ... ૨

ગાઇ શીખે ને સાંભળે રે, હરિ રાધાનો રાસ;
તે નર વૈકુંઠ પામશે રે, ગુણ ગાયે નરસૈંયો દાસ ... ૩

bhajan page

## 79. Dhan Dhan Re Gokuliyu Gām

*Nādbrahma pada 265, rāga - kedāro*

dhan dhan re gokuliyu gām, dhan ā dharati-ne
māre vahāle kino visharām, dhan ā dharati-ne ... 0

dhan re kahi-e pelā jhād kadam-ne, jhād tale bethā bhag-vān
jhājhā jhādavā jhumi rahyā re, prabhu-ji-ne kare pranām ... 1

dhan re kahi-e pelā nir yamunā-ne, tyāň besi hari nahāyā
dhan re kahi-e peli vāňsaladi-ne , prabhu-ji-nā mukh par vāge ... 2

dhan re kahi-e pelā mor piňchh-ne, mohan mugat birāje
dhan re mahetā nar-sai-ni jibhaladi, hete hari-gun gāyā ... 3

### ૭૯. ધન ધન રે ગોકુલિયું ગામ

નાદબ્રહ્મ પદ-૨૬૫, રાગ - કેદારો

ધન ધન રે ગોકુલિયું ગામ, ધન આ ધરતીને;
મારે વ્હાલે કીનો વિશ્રામ, ધન આ ધરતીને ... ટેક

ધન રે કહીએ પેલા ઝાડ કદમને, ઝાડ તળે બેઠા ભગવાન;
ઝાઝાં ઝાડવાં ઝૂમી રહ્યાં રે, પ્રભુજીને કરે પ્રણામ ... ૧

ધન રે કહીએ પેલા નીર યમુનાને, ત્યાં બેસી હરિ ન્હાયા;
ધન રે કહીએ પેલી વાંસલડીને, પ્રભુજીના મુખ પર વાગે ... ૨

ધન રે કહીએ પેલા મોર પીંછને, મોહન મુગટ બિરાજે;
ધન રે મહેતા નરસૈંઈની જીભલડી, હેતે હરિગુણ ગાયાં ... ૩

bhajan page

# 80. Ārogo Narsiňh Mahā-prabhu

*Nādbrahma pada 274, rāga - dhanāshri*

ārogo narsiňh mahā-prabhu, ārogo narsiňh
chhap-pan bhog chha-trise bhojan, nānā-vidh ke raňg ... 0

lakshmi-bhojan āpa sambhāryo, man-meň dhāryo u-maňg
pat-vālā nārad-muni lāyo, jal-bhar lāye gaňg ... 1

bhāv-prit kar bhojan kije, tum mere prān ādhār
aňtar ki gat aňtar-yāmi, sab bidh jānan-hār ... 2

ārati-sāje indra la-ii āye, dur kiyo pat chir
sanak su-naňdan chamar Dholāve, gāye dās kabir ... 3

## ૮૦. આરોગો નૃસિંહ મહાપ્રભુ

નાદબ્રહ્મ પદ-૨૭૪, રાગ - ધનાશ્રી

આરોગો નૃસિંહ મહાપ્રભુ, આરોગો નૃસિંહ;
છપ્પન ભોગ છત્રીસે ભોજન, નાનાવિધ કે રંગ ... ટેક

લક્ષ્મીભોજન આપ સંભાર્યો, મનમેં ધાર્યો ઉમંગ;
પતવાળાં નારદમુનિ લાયો, જલભર લાયે ગંગ ... ૧

ભાવપ્રીત કર ભોજન કીજે, તુમ મેરે પ્રાણ આધાર;
અંતર કી ગત અંતર્યામી, સબ બિધ જાનનહાર ... ૨

આરતીસાજે ઇન્દ્ર લઇ આયે, દૂર કિયો પટ ચીર;
સનક સુનંદન ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર ... ૩

[bhajan page]

## 81. Ārogo Raghu-vir Mahā-prabhu

*Nādbrahma pada 275, rāga - dhanāshri*

ārogo raghu-vir mahā-prabhu, ārogo raghu-vir
praful-lit hoye pirase januni, Dholat shital samir ... 0

kaňchan-thāl jadit katorā, mevā mithā-ii aru-khir
chhap-pan bhog chha-trise bhojan, nānā-vidha ke raňg ... 1

rām hi lakshman bharat shatru-ghan, rājit chāre vir
janak-sutā jhāri la-ii āye, sarayu-ko nir ... 2

chuvā-chaňdan a-u-r agar jā, archat shyām sharir
ācha-man kara-ke bidā lije, gāve dās kabir ... 3

## ૮૧. આરોગો રઘુવીર મહાપ્રભુ

નાદબ્રહ્મ પદ-૨૭૫, રાગ - ધનાશ્રી

આરોગો રઘુવીર મહાપ્રભુ, આરોગો રઘુવીર;
પ્રફુલ્લિત હોયે પીરસે જનુની, ઢોળત શીતલ સમીર ... ટેક

કંચનથાળ જડિત કટોરા, મેવા મીઠાઇ અરુખીર;
છપ્પન ભોગ છત્રીસે ભોજન, નાનાવિધ કે રંગ ... ૧

રામ હી લક્ષ્મણ ભરત શત્રુઘ્ન, રાજીત ચારે વીર;
જનકસુતા ઝારી લઇ આયે, સરયુકો નીર ... ૨

ચૂવાચંદન ઔર અગર જા, અર્ચત શ્યામ શરીર;
આચમન કરકે બીડાં લીજે, ગાવે દાસ કબીર ... ૩

## 82. Kon Apano Sansārā

*Nādbrahma pada 280, rāga - dhanāshri*

kon apano sansārā hari vinā kon apano sansārā
māyā moh bāndhyo jag dubat, kāl nadi-ki dhārā … 0

jaise ghatat hai nāv-meň, rahet na pele pārā
aise hi sut sampatt dārā, bichhud na lāgan vārā … 1

jaise rank svapane dhan pāyo, uthi dhut bhandārā
aise kshan-bhangur dehako, garva kahāň gumārā … 2

jaise andh hi dekhat, ginat nahiň apa-nārā
aise vyās bahut upadesh, suni suni bhayo nyārā … 3

## ૮૨. કોન અપનો સંસારા

નાદબ્રહ્મ પદ-૨૮૦, રાગ - ધનાશ્રી

કોન અપનો સંસારા, હરિ વિના, કોન અપનો સંસારા;
માયા મોહ બાંધ્યો જગ ડુબત, કાલ નદીકી ધારા ... ટેક

જૈસે ઘટત હૈ નાવમેં, રહેત ન પેલે પારા;
ઐસે હી સુત સંપત્ત દારા, બિછુડ ન લાગન વારા ... ૧

જૈસે રંક સ્વપ્ને ધન પાયો, ઉઠી ધૂત ભંડારા;
ઐસે ક્ષણભંગુર દેહકો, ગર્વ કહાં ગુમારા ... ૨

જૈસે અંધ હી દેખત, ગિનત નહિં અપનારા;
ઐસે વ્યાસ બહુત ઉપદેશ, સુની સુની ભયો ન્યારા ... ૩

bhajan page

## 83. Hari Tārā Bānā-ni Pat Rākh

*Nādbrahma pada 283, rāga - dhanāshri*

hari tārā bānā-ni pat rākh, hari tārā bānā-ni pat rākh
bānā re māte jo dukh desho, kon jape tāro jāp ... 0

rohi-dās-ni tame patrāli bini, nav jo-ii jāt-ne bhāt
senā māte sanmukh rahi-ne, nāyi kahevāyā nāth ... 1

prah-lād-ni tame pratignā pāli-ne, stambha-māň puryo vās
tāti kaDhā tame shital kidhi, sudhanvā ne kāj ... 2

paňchāli-nā tame pata-kul puryā, rākhi sabhā-māň lāj
sāgar-māňthi dub-to rākhyo, rām kahetā gaj-rāj ... 3

jher-nā tame amrut kidhā, āpyā mirā-ne hāth
mahetā-ne māňda-lik mārvā āvyo, kedāro lāvyā madh-rāt ... 4

bhakto-nā tame saňkat kāpyā, tyāre āvyo vish-vās
tulasi-nā svāmi-ne kahuň kar jodi, puro mārā man-ni āsha ... 5

## ૮૩. હરિ તારા બાનાની પત રાખ

નાદબ્રહ્મ પદ-૨૮૩, રાગ - ધનાશ્રી

હરિ તારા બાનાની પત રાખ, હરિ તારા બાનાની પત રાખ;
બાના રે માટે જો દુઃખ દેશો, કોણ જપે તારો જાપ ... ટેક

રોહીદાસની તમે પત્રાળી બીની, નવ જોઇ જાતને ભાત;
સેના માટે સન્મુખ રહીને, નાયી કહેવાયા નાથ ... ૧

પ્રહ્લાદની તમે પ્રતિજ્ઞા પાળીને, સ્તંભમાં પૂર્યો વાસ;
તાતી કઢા તમે શીતલ કીધી, સુધન્વા ને કાજ ... ૨

પંચાલીના તમે પટકુળ પૂર્યા, રાખી સભામાં લાજ;
સાગરમાંથી ડૂબતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ ... ૩

ઝેરના તમે અમૃત કીધાં, આપ્યા મીરાંને હાથ;
મહેતાને માંડલીક મારવા આવ્યો, કેદારો લાવ્યા મધરાત ... ૪

ભક્તોના તમે સંકટ કાપ્યાં, ત્યારે આવ્યો વિશ્વાસ;
તુલસીના સ્વામીને કહું કર જોડી, પૂરો મારા મનની આશ ... ૫

bhajan page

## 84. Meli Nav Jāsho Re Mithadā Māv-ji

*Nādbrahma pada 287, rāga - sāmeri*

mEli nav jāsho re mithadā māv-ji, tam-ne kahuň chhuň vāram-vār;
alagā nav rahesho re eka ardha ghadi, huň to vinavu vāram-vār ... 0

chupa kari-ne re are ema nav chāli-e, māro thodo thodo jiva thāy;
kem kari rahi-e re hari ame ekalā, sunu mandira khāvā dhāy ... 1

sagā-ne snehi-o re vahālu mane ko-ii nahi, tamo mārā aňtar-yāmi chho nāth;
prabhu tamo vinā re prān amo chhāňdi-shuň, jāne māri bāla-panā-ni vāt ... 2

eka-vār āvo re āni āvi pritadi, tamo mārā ātmā-nā ādhār;
dās jenā rasiyā re rasiyā nāth-ji, vahālā tamo vinā kem rahe-vāy ... 3

## ૮૪. મેલી નવ જાશો રે મીઠડા માવજી

નાદબ્રહ્મ પદ-૨૮૭, રાગ - સામેરી

મેલી નવ જાશો રે મીઠડા માવજી, તમને કહું છું વારંવાર;
અળગા નવ રહેશો રે એક અર્ધ ઘડી, હું તો વિનવું વારંવાર ... ટેક

ચુપ કરીને રે અરે એમ નવ ચાલીએ, મારો થોડો થોડો જીવ થાય;
કેમ કરી રહીએ રે હરિ અમે એકલાં, સુનું મંદિર ખાવા ધાય ... ૧

સગાંને સ્નેહીઓ રે વ્હાલું મને કોઇ નહિ, તમો મારા અંતર્યામી છો નાથ;
પ્રભુ તમો વિના રે પ્રાણ અમો છાંડીશું, જાણે મારી બાલપણાની વાત ... ૨

એકવાર આવો રે આણી આવી પ્રીતડી, તમો મારા આત્માના આધાર;
દાસ જેના રસિયા રે રસિયા નાથજી, વ્હાલા તમો વિના કેમ રહેવાય ... ૩

bhajan page

## 85. Juvāni-ne Dahāde Re

*Nādbrahma pada 290, rāga - sāmeri*

juvāni-ne dahāde re hari-ne bhajyā nahi, mohyu par-dārā par man;
vali kāň-ii khoyu re kām-ni kalpanā, māyā shuň bāňdhyu re man ... 0

pach-chis ne pachās re te pra-paňche gayā, āvyā sāth varsh-nā din;
sit-ter sudhi re kāň-ii samaj-yo nahi, have shuň sādhavā chālyo van ... 1

nayane nahi sujhe re gale bahu nāsikā, sukā-ii shithil thayu tāru tan;
daňt-ne rekhu re mukh-māň dise nahi, to ye pāpi udar māňge an-na ... 2

bhāgya-hino re av-sar olakhyo nahi, jāne pelo hari-nā jan;
nar-sai-yā-nā svāmi re sukh-māň sambhār-jo, vahālo māro puran premā-naňda ... 3

## ૮૫. જુવાનીને દહાડે રે

નાદબ્રહ્મ પદ-૨૯૦, રાગ - સામેરી

જુવાનીને દહાડે રે હરિને ભજ્યા નહિ, મોહ્યું પરદારા પર મન;
વળી કાંઇ ખોયું રે કામની કલ્પના, માયા શું બાંધ્યું રે મન ... ટેક

પચ્ચીસ ને પચાસ રે તે પ્રપંચે ગયા, આવ્યા સાઠ વર્ષના દિન;
સીત્તેર સુધી રે કાંઇ સમજ્યો નહિ, હવે શું સાધવા ચાલ્યો વન ... ૧

નયણે નહિ સૂઝે રે ગળે બહુ નાસિકા, સુકાઇ સિથિલ થયું તારું તન;
દંતને રેખું રે મુખમાં દીસે નહિ, તો યે પાપી ઉદર માંગે અન્ન ... ૨

ભાગ્યહીણો અવસર ઓળખ્યો નહિ, જાણે પેલો હરિના જન;
નરસૈંયાના સ્વામી રે સુખમાં સંભારજો, વ્હાલો મારો પુરણ પ્રેમાનંદ ... ૩

bhajan page

## 86. Rudi Ne Rasāli Re

*Nādbrahma pada 296, rāga - sāmeri*

rudi ne rasāli re vahālā tāri vāňsaldi re, te māre maňdiri-ye sambh-lāy
sonā ne rupā-nu re hari māru bedalu re, oDhani-e ratna jadāvu amulya ... 0

pāni-lā-ne kārane beni jovā nisari, bedalu mukyu sarovar pāl
o-Dhani-ne to bheravi āmbā-keri dāl re, jiv to ā-kul vyā-kul thāy ... 1

kān-ji kodilo re chhedalo grahi rahyo re, mElo mElo pātaliyā bhag-vān
sāsu amāri re amo par khij-she re, nanaňd sāheli deshe gāl ... 2

eka-ne aň-dhāri re biji māri veran re, jāgyā tyāre jhāň-jhar-no jham-kār
ghanā divas-ni re guňjā sa-u tole mali re, have māre karavo shāmaliyā-no sāth ... 3

raňg-nā bhinā re ramavā āva-jo re, vahāle māre am-ne ramādyā rās;
nar-sai-yā-nā svāmi re bā-ii mane tyaň malyā re, vahāle māre u-tāryo bhav-pār ... 4

## ૮૬. રૂડી ને રસાળી રે

નાદબ્રહ્મ પદ-૨૯૬, રાગ - સામેરી

રૂડી ને રસાળી રે વ્હાલા તારી વાંસલડી રે, તે મારે મંદિરીયે સંભળાય;
સોના ને રૂપાનું રે હરિ મારું બેડલું રે, ઓઢણીએ રત્ન જડાવું અમૂલ્ય ... ટેક

પાણીલાને કારણે રે બેની જોવા નીસરી,બેડલું મુક્યું સરોવર પાળ;
ઓઢણીને તો ભેરવી રે આંબાકેરી ડાળ રે, જીવ તો આકુલ વ્યાકુલ થાય ... ૧

કાનજી કોડીલો રે છેડલો ગ્રહી રહ્યો રે, મેલો મેલો પાતળિયા ભગવાન;
સાસુ અમારી રે અમો પર ખીજશે રે, નણંદ સાહેલી દેશે ગાળ ... ૨

એકને અંધારી રે બીજી મારી વેરણ રે, જાગ્યા ત્યારે ઝાંઝરનો ઝમકાર;
ઘણા દિવસની રે ગુંજા સૌ ટોળે મળી રે, હવે મારે કરવો શામળિયાનો સાથ ... ૩

રંગના ભીના રે રમવા આવજો રે, વ્હાલે મારે અમને રમાડ્યા રાસ;
નરસૈંયાના સ્વામી રે બાઇ મને ત્યાં મળ્યા રે, વ્હાલે મારે ઉતાર્યો ભવપાર ... ૪

bhajan page

## 87. Dvārikā-nā Vāsi Re

*Nādbrahma pada 298, rāga - sāmeri*

dvārikā-nā vāsi re av-sare āvajo, tamo rāni ruki-mani kerā kaňth;
dushta duryo-dhan re pāpi lāgyo pidavā, cha-u-dish nihālu tāro paňth ... 0

sod vāli-ne re shuň suto shyāmalā, ālas taji-ne u-tho āja;
lakshmi-ji talāshe re prabhu tārā pāv-māň, vahālā tamo maher karo mahā-rāj ... 1

grāh mukh-māň-thi re gaj-ne mukāvyo, kidhi em sudhan-vā-ni sahāy;
nar-siňh rupe re hiranā-kaňs māriyo, vahāle māre u-gāryo prah-lād ... 2

chhap-pan koti re yādav tārā re, saňge bali-bhadra sarakhā bhrāt;
kāli-nāg nāthyo re jarā-saňdh jityo, te bala kahāň gayu mahā-rāj ... 3

dhruv-ne prah-lāde re garbh-māň tap kidhā, tene vahāle āpyā avi-chal rāj;
sāt varsh-māň re hari-e gover-dhan kar dharyo, puryā vraj-vanitā-nā lād ... 4

vasami velā-e re vhāre chaDh-jo vith-thalā, dhājo tame chhatra-pati mahā-rāj;
asa-vāri kar-jo re vahālā mārā garud-ni, nar-sai-yo vinave vāram-vār ... 5

## ૮૭. દ્વારિકાના વાસી રે

નાદબ્રહ્મ પદ-૨૯૮, રાગ - સામેરી

દ્વારિકાના વાસી રે અવસરે આવજો, તમો રાણી રુકિમણિ કેરા કંથ;
દુષ્ટ દુર્યોધન રે પાપી લાગ્યો પીડવા, ચૌદિશ નિહાળું તારો પંથ ... ટેક

સોડ વાળીને રે શું સુતો શ્યામળા, આળસ તજીને ઊઠો આજ;
લક્ષ્મીજી તલાશે રે પ્રભુ તારા પાવમાં, વ્હાલા તમો મહેર કરો મહારાજ ... ૧

ગ્રાહ મુખમાંથી રે ગજને મુકાવ્યો, કીધી એમ સુધન્વાની સહાય;
નૃસિંહ રૂપે રે હિરણાકંસ માર્યો, વ્હાલે મારે ઉગાર્યો પ્રહ્લાદ ... ૨

છપ્પન કોટી રે યાદવ તારા રે, સંગે બલિભદ્ર સરખા ભ્રાત;
કાલિનાગ નાથ્યો રે જરાસંધ જીત્યો, તે બલ કહાં ગયું મહારાજ ... ૩

ધ્રુવને પ્રહ્લાદે રે ગર્ભમાં તપ કીધાં, તેને વ્હાલે આપ્યાં અવિચલ રાજ;
સાત વર્ષમાં રે હરિએ ગોવર્ધન કર ધર્યો, પૂર્યા વ્રજવનિતાના લાડ ... ૪

વસમી વેળાએ રે વ્હારે ચઢજો વિઠ્ઠલા, ધાજો તમે છત્રપતિ મહારાજ;
અસવારી કરજો રે વ્હાલા મારા ગરૂડની, નરસૈંયો વિનવે વારંવાર ... ૫

bhajan page

## 88. Rātaladi Rami-ne Re

*Nādbrahma pada 300, rāga - paňcham*

rātaladi rami-ne re kyaň thāki āvyā re, bal-vaňt bāranu mā thel re
tamo padhāro re maňdir nār-ne re, jyāň tame kidhi raňg-ni rel re ... 0

rātā rātā nayanā re ati nidrā lāve, rāti dise adhar bimb-ni rekh
molidā-ne chhutyā re kesh vikh-rā-ii gayā re, dharati dhutāro tāro vesh re ... 1

paheryā pitām-bar kyaň prabhu palatyaň re, pāraki patoli pāchhi āpa re
tamo tevāyā re maňdir shok-ne re, ama ghar āvajo re kal ... 2

paňcham olakhyo re paňkhi-e svar puryā, vahāla mārā pragat thayo prabhāt re
nar-sai-yā-nā svāmi re vahāne ghare āvyā re, vreh ghano ne thodi rāt re ... 3

## ૮૮. રાતલડી રમીને રે

નાદબ્રહ્મ પદ-૩૦૦, રાગ - સામેરી

રાતલડી રમીને રે ક્યાં થાકી આવ્યા રે, બળવંત બારણું મા ઠેલ રે;
તમો પધારો રે મંદિર નારને રે, જ્યાં તમે કીધી રંગની રેલ રે ... ટેક

રાતા રાતા નયણા રે અતિ નિદ્રા લાવે, રાતી દીસે અધર બીંબની રેખ;
મોલીડાને છૂટ્યા રે કેશ વિખરાઇ ગયાં રે, ધરતી ધુતારો તારો વેશ રે ... ૧

પહેર્યા પીતામ્બર ક્યાં પ્રભુ પલટ્યાં રે, પારકી પટોળી પાછી આપ રે;
તમો ટેવાયા રે મંદિર શોકને રે, અમ ઘર આવજો રે કાલ ... ૨

પંચમ ઓળખ્યો રે પંખીએ સ્વર પુર્યા, વ્હાલા મારા પ્રગટ થયો પ્રભાત રે;
નરસૈંયાના સ્વામી રે વહાણે ઘરે આવ્યા રે, વ્રેહ ઘણો ને થોડી રાત રે ... ૩

bhajan page

## 89. Manashā Deh-nu Tānu Re

*Nādbrahma pada 305, rāga - pan̆cham*

manashā deh-nu tānu re kāle tāru mati jashe, chorāshi-mān̆ dhar-sho bahu ava-tār
ā av-sar re fari fari nahi male, hari-gun gājo re nar-ne nār ... 0

gardabh tha-ii-ne re gali-o-mān̆ bhatak-she, sān̆ja pade kumbhār na le sambhāl
ukarde chaDhi-ne re bhun̆kan bhun̆k-sho, shir par dhar-she van-tolyo bhār ... 1

ga-u-sut tha-ii-ne re bojo bahu khen̆ch-sho, nahin̆ āve pan̆thidā-no pār
ān̆khe an̆dhāri re ghāni-mān̆ ghāl-she re, upar besi murakh deshe āra re ... 2

un̆ta tha-ii-ne re bahu bojo uthāv-sho, khāvo pad-she ākul-ne kan̆thār
hāthi-ne had-sele re ghar-ne bhilād-she, upar an̆kush kerā mār ... 3

vāgol tha-ii-ne re un̆dhe mastake jhul-sho, khāsho bhin-na bhin-na van-fal
dāle pan̆khi re melā ghāl-she, kāyā par pad-she re ghāv ... 4

nar-sai-yo kahe chhe re rudi vinan̆ti, ura ko-ii dhar-jo nar-ne nār;
thodu kahyu ghanu re ghanu kari mān-jo, kāyā māyā jatā na lāge vār ... 5

## ૮૯. મનષા દેહનું ટાણું રે

નાદબ્રહ્મ પદ-૩૦૫, રાગ - સામેરી

મનષા દેહનું ટાણું રે કાલે તારું મટી જશે, ચોરાશીમાં ધરશો બહુ અવતાર;
આ અવસર રે ફરી ફરી નહિ મળે, હરિગુણ ગાજો નરને નાર ... ટેક

ગર્દભ થઇને રે ગલીઓમાં ભટકશે, સાંજ પડે કુંભાર ન લે સંભાળ;
ઉકરડે ચઢીને રે ભુંકણ ભુંકશો, શિર પર ધરશે વણતોલ્યો ભાર ... ૧

ગૌસુત થઇને રે બોજો બહુ ખેંચશો, નહીં આવે પંથીડાનો પાર;
આંખે અંધારી રે ઘાણીમાં ઘાલશે, ઉપર બેસી મુરખ દેશે આર ... ૨

ઊંટ થઇને રે બહુ બોજો ઉઠાવશો, ખાવો પડશે આકુલને કંથાર;
હાથીને હડસેલે રે ઘરને ભીલાડશે, ઉપર અંકુશ કેરા માર ... ૩

વાગોળ થઇને રે ઉંધે મસ્તકે ઝુલશો, ખાશો ભિન્ન ભિન્ન વનફલ;
ડાળે પંખી રે મેળા ઘાલશે, કાયા પર પડશે ઘાવ ... ૪

નરસૈંયો કહે છે રે રૂડી વિનંતિ, ઉર કોઇ ધરજો નરને નાર;
થોડું કહ્યું ઘણું રે ઘણું કરી માનજો, કાયા માયા જતા ન લાગે વાર ... ૫

bhajan page

## 90. Ghadi Re U-par Ghadi-yārā Vāge

*Nādbrahma pada 317, rāga - charchari*

ghadi re u-par ghadi-yārā vāge, um-mar o-chhi thāy
ā av-sar chhe hari bhaj-vā-no, kaho kem rahi-e so-ii ... 0

nānā thaki moterā kinā, mātā maňgal gāy
kāl av-sar to ko-ii-e na ditho, o-chiňto vali āve ... 1

joba-ni-yānā mojā fojā, jāye nagārā deti
aňt-kāl to āvi mal-she, ko-ii na shakyo cheti ... 2

saňsār saghalo kāle khādho, ākhar ā var kudo
jam-dut to jotā rahe-she, hari-ne nāme chhuto ... 3

hari-ne bhaji-e hari-shuň tari-e, nar-hari-ji-ne nami-e
lāj kāj to lakshmi-var-ne, ramāde tem rami-e ... 4

hari-ne bhaji-e bijuň taji-e, māyā moti khā-ii
dekhat dekhat dubakā māre, duniyā dubi mu-ii ... 5

ā av-sar chhe hari bhaj-vā-no, jo jo man vichāri
sarjan-hār-nu smaran bhulyo, jiti bāji hāri ... 6

ko-ii-e bāli kāyā ko-ii-e gāli, ko-ii-e kāyā dāti
pavan bhego pavan thāse, mit-ti bheli mit-ti ... 7

nar-sai-yā-no svāmi shāmaliyo, ved purāne sācho
jam-nā shir par pagalu da-ii-ne, vege vai-kuňth jāsho ... 8

## ૯૦. ઘડી રે ઉપર ઘડીયારા વાગે

નાદબ્રહ્મ પદ-૩૧૭, રાગ - ચરચરી

ઘડી રે ઉપર ઘડીયારા વાગે, ઉંમર ઓછી થાય;
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીએ સોઇ ... ટેક

નાનાં થકી મોટેરા કીના, માતા મંગલ ગાય;
કાલ અવસર તો કોઇએ ન દીઠો, ઓચિંતો વળી આવે ... ૧

જોબનિયાના મોજા ફોજા, જાયે નગારાં દેતી;
અંતકાલ તો આવી મળશે, કોઇ ન શક્યો ચેતી ... ૨

સંસાર સઘળો કાળે ખાધો, આખર આ વર કુડો;
જમદૂત તો જોતા રહેશે, હરિને નામે છૂટો ... ૩

હરિને ભજીએ હરિશું તરીએ, નરહરિજીને નમીએ;
લાજ કાજ તો લક્ષ્મીવરને, રમાડે તેમ રમીએ ... ૪

હરિને ભજીએ બીજું તજીએ, માયા મોટી ખાઇ;
દેખત દેખત ડુબકાં મારે, દુનિયા ડૂબી મૂઇ ... ૫

આ અવસર છે હરિ ભજવાનો, જો જો મન વિચારી;
સર્જનહારનું સ્મરણ ભૂલ્યો, જીતી બાજી હારી ... ૬

કોઇએ બાળી કાયા કોઇએ ગાળી, કોઇએ કાયા દાટી;
પવન ભેગો પવન થાશે, મિટ્ટી ભેળી મિટ્ટી ... ૭

નરસૈંયાનો સ્વામી શામળિયો, વેદ પુરાણે સાચો;
જમના શિર પર પગલું દઇને, વેગે વૈકુંઠ જાશો ... ૮

[bhajan page]

## 91. Joba-niyā-ne Jore Tuň To

*Nādbrahma pada 318, rāga - charchari*

joba-niyā-ne jore tuň to, goviňd gun na gāve
āja-kāl kar-tāl jhān-jhari-ā, kāla o-chiňto āve ... 0

sāj ghate sādhan nav kidhā, dhām dhum meň fasāyo
maňdir meň pāvak prajalyo, kup khanāv-vā lāgyo ... 1

saňsār saghalo tuň bhami āvyo, jiv tuň haji-e na chetyo
ghat-meň ghāv padyo gad-gadiyo, murakh man pastāy ... 2

shyām sarovar jhil-vā pethā, vishayā pār na pāve
budato jivado valakhā māre, taravā tumdā vāve ... 3

sāje sarovar pār na bāňdhi, hari bhaji bhalo na kahāvyo
bhane nar-sai-yo jyāre bhom dhari, tyāre mukhe rām na āvyo ... 4

## ૯૧. જોબનિયાને જોરે તું તો

નાદબ્રહ્મ પદ-૩૧૮, રાગ - ચરચરી

જોબનિયાને જોરે તું તો, ગોવિંદ ગુણ ન ગાવે;
આજકાલ કરતાંલ ઝાંઝરીઆ, કાળ ઓચિંતો આવે ... ટેક

સાજ ઘટે સાધન નવ કીધાં, ધામ ધુમ મેં ફસાયો;
મંદિર મેં પાવક પ્રજળ્યો, કૂપ ખણાવવા લાગ્યો ... ૧

સંસાર સઘળો તું ભમી આવ્યો, જીવ તું હજીએ ન ચેત્યો;
ઘટમેં ઘાવ પડયો ગડગડિયો, મુરખ મન પસ્તાય ... ૨

શ્યામ સરોવર ઝીલવા પેઠા, વિષયા પાર ન પાવે;
બુડતો જીવડો વલખા મારે, તરવા તુમડાં વાવે ... ૩

સાજે સરોવર પાર ન બાંધી, હરિ ભજી ભલો ન કહાવ્યો;
ભણે નરસૈંયો જ્યારે ભોમ ધરી ત્યારે, મુખે રામ ન આવ્યો ... ૪

bhajan page

## 92. Saňsār Rupi Pāranu

*Nādbrahma pada 322, rāga - hāleru*

saňsār rupi pāranu, suta hāleru re
tāmeň jhule bahu jiv, kālā hāleru re ... 0

laksha chorāshi jhulā jhulyo, suta hāleru re
olakhyā nahi piyu, kālā hāleru re ... 1

bhog teň sarve bhogav-yā, suta hāleru re
teno ganatā na āve pār, kālā hāleru re ... 2

kām-nā je je man-tani, suta hāleru re
te sarve mithyā jān, kālā hāleru re ... 3

vishay vishay-vat tyāg-yā, suta hāleru re
krupā kare kiratār, kālā hāleru re ... 4

tan man dhan te chor chhe, suta hāleru re
te kar-she jiv-ni hāni, kālā hāleru re ... 5

kām krodh ne moh chhe, suta hāleru re
e trane narak-nā dvār, kālā hāleru re ... 6

**૯૨. સંસાર રૂપી પારણું**

નાદબ્રહ્મ પદ-૩૨૨, રાગ - હાલેરું

સંસાર રૂપી પારણું, સુત હાલેરું રે;
તામેં ઝુલે બહુ જીવ, કાલા હાલેરું રે ... ટેક

લક્ષ ચોરાશી ઝુલા ઝુલ્યો, સુત હાલેરું રે;
ઓળખ્યા નહિ પિયુ, કાલા હાલેરું રે ... ૧

ભોગ તેં સર્વે ભોગવ્યા, સુત હાલેરું રે;
તેનો ગણતાં ન આવે પાર, કાલા હાલેરું રે ... ૨

કામના જે જે મનતણી, સુત હાલેરું રે;
તે સર્વે મિથ્યા જાણ, કાલા હાલેરું રે ... ૩

વિષય વિષયવત ત્યાગ્યા, સુત હાલેરું રે;
કૃપા કરે કિરતાર, કાલા હાલેરું રે ... ૪

તન મન ધન તે ચોર છે, સુત હાલેરું રે;
તે કરશે જીવની હાનિ, કાલા હાલેરું રે ... ૫

કામ ક્રોધ ને મોહ છે, સુત હાલેરું રે;
એ ત્રણ નરકના દ્વાર, કાલા હાલેરું રે ... ૬

chiňtā rupi sarpani re, suta hāleru re
ene khāyo sarve saňsār, kālā hāleru re ... 7

māyā mithi mohini re, suta hāleru re
te nāňkhe moh-ni jāl, kālā hāleru re ... 8

janma maran to teh tanu re, suta hāleru re
tale nahi ko-ii kāl, kālā hāleru re ... 9

uňdhe mastak jhulyo re, suta hāleru re
teň karyo garbh meň vās, kālā hāleru re ... 10

pār nahi pidā tani re, suta hāleru re
tene thayo gnān-no nāsh, kālā hāleru re ... 11

durlabh dehi dev-ne re, suta hāleru re
te pāmyo nira-dhār, kālā hāleru re ... 12

bhajan karo bhag-van-nu re, suta hāleru re
samay na āve vāram-vār, kālā hāleru re ... 13

sagā sambaňdhi ko-ii nahi re, suta hāleru re
ā jutho māyā-no faňd, kālā hāleru re ... 14

ચિંતા રૂપી સર્પણી રે, સુત હાલેરું રે;
એને ખાયો સર્વે સંસાર, કાલા હાલેરું રે ... ૭

માયા મીઠી મોહિની રે, સુત હાલેરું રે;
તે નાંખે મોહની જાળ, કાલા હાલેરું રે ... ૮

જન્મ મરણ તો તેહ તણું રે, સુત હાલેરું રે;
ટળે નહિ કોઈ કાળ, કાલા હાલેરું રે ... ૯

ઉંધે મસ્તક ઝુલ્યો રે, સુત હાલેરું રે;
તેં કર્યો ગર્ભ મેં વાસ, કાલા હાલેરું રે ... ૧૦

પાર નહિ પીડા તણી રે, સુત હાલેરું રે;
તેણે થયો જ્ઞાનનો નાશ, કાલા હાલેરું રે ... ૧૧

દુર્લભ દેહી દેવને રે, સુત હાલેરું રે;
તે પામ્યો નિરધાર, કાલા હાલેરું રે ... ૧૨

ભજન કરો ભગવાનનું રે, સુત હાલેરું રે;
સમય ન આવે વારંવાર, કાલા હાલેરું રે ... ૧૩

સગા સંબંધી કોઈ નહિ રે, સુત હાલેરું રે;
આ જુઠો માયાનો ફંદ, કાલા હાલેરું રે ... ૧૪

vahāl kare ne vāre ghanu re, suta hāleru re
bhajavā shri mukuňd, kālā hāleru re ... 15

svarthe sagā sa-u thashe re, suta hāleru re
van svarthe tyāge eh, kālā hāleru re ... 16

pāp punya ti he karyā re, suta hāleru re
aňte sāthe teh, kālā hāleru re ... 17

vas karo van-māň ja-ii re, suta hāleru re
to pam-sho puran brahma, kālā hāleru re ... 18

bhakti-e bhiňje bhudharo re, suta hāleru re
e ja ved-no marma, kālā hāleru re ... 19

bhog te sarve rog chhe re, suta hāleru re
jene kari jiv-ni hāni, kālā hāleru re ... 20

mātā madālashā em bhane re, suta hāleru re
putra kahuň satya vāt, kālā hāleru re ... 21

વ્હાલ કરે ને વારે ઘણું રે, સુત હાલેરું રે;
ભજવા શ્રી મુકુંદ, કાલા હાલેરું રે ... ૧૫

સ્વાર્થે સગાં સૌ થશે રે, સુત હાલેરું રે;
વણ સ્વાર્થે ત્યાગે એહ, કાલા હાલેરું રે ... ૧૬

પાપ પુન્ય તો જે કર્યાં રે, સુત હાલેરું રે;
અંતે સાથે તેહ, કાલા હાલેરું રે ... ૧૭

વાસ કરો વનમાં જઈ રે, સુત હાલેરું રે;
તો પામશો પુરણ બ્રહ્મ, કાલા હાલેરું રે ... ૧૮

ભક્તિએ ભીંજે ભુધરો રે, સુત હાલેરું રે;
એ જ વેદનો મર્મ, કાલા હાલેરું રે ... ૧૯

ભોગ તે સર્વે રોગ છે રે, સુત હાલેરું રે;
જેણે કરી જીવની હાનિ રે, કાલા હાલેરું રે ... ૨૦

માતા મદાલશા એમ ભણે રે, સુત હાલેરું રે;
પુત્ર કહું સત્ય વાત, કાલા હાલેરું રે ... ૨૧

bhajan page

## 93. Jāgiye Raghu-nāth-kuňvar !

*Nādbrahma pada 324, rāga - prabhāt*

jāgiye raghu-nāth-kuňvar ! paňchhi van bole

chaňdra-kiran shital bha-ii, chaka-ii piyu milan ga-ii
trividh maňd chalat pavan, pal-lav drum dole ... 1

prātah bhānu prakat bhayo, rajani-ko timir gayo
bhruňg karat guňj gān, kamal dal khole ... 2

brahmā-dik dharat dhyān, sur nar muni karat gān
jāgan-ki ber bha-ii, nayan-palak khole ... 3

tulasi-dās ati ānaňd, nirakhi ke mukhāraviňd
dānan-ko det dān, bhushan bahu mole ... 4

### ૯૩. જાગિયે રઘુનાથકુંવર !

નાદબ્રહ્મ પદ-૩૨૪, રાગ - પ્રભાત

જાગિયે રઘુનાથકુંવર ! પંછી વન બોલે;

ચંદ્રકિરણ શીતલ ભઇ, ચકઇ પિયુ મિલન ગઇ;
ત્રિવિધ મંદ ચલત પવન, પલ્લવ દ્રુમ ડોલે ... ૧

પ્રાતઃ ભાનુ પ્રકટ ભયો, રજનિકો તિમિર ગયો;
ભૃંગ કરત ગુંજ ગાન, કમલ દલ ખોલે ... ૨

બ્રહ્માદિક ધરત ધ્યાન, સુર નર મુનિ કરત ગાન;
જાગનકી બેર ભઇ, નયનપલક ખોલે ... ૩

તુલસીદાસ અતિ આનંદ, નીરખી કે મુખારવિંદ;
દાનનકો દેત દાન, ભૂષણ બહુ મોલે ... ૪

[bhajan page]

## 94. Jashodā ! Tārā Kānudā-ne Sād Kari-ne Vār

*Nadbrahmā pada 330, rāga - prabhāt*

jashodā ! tārā kānudā-ne sād kari-ne vār
āvadi dhum machāve vraj-māň ko-ii nahi puchhan-hār

shiku todyu goras Dholyu, ughādi-ne bahār
mākhan khādhu Dholi nāňkhyu, jāňn kidhuň ā vār ... 1

khākhā-kholā karatā hiňde, bi-e nahiň lagār
mahiň mathavā-ni goli fodi, ā shāň kahi-e lād ... 2

vāre vāre kahuň chhuň tam-ne have na rākhu bhār
nit uthi-ne e kayam sahi-e, vasi nagar mojhār ... 3

āDi-avali vāt tamāri, huň nahi sambhal-nār
dahyo damaro lādako māro, kadi na em kar-nār ... 4

māro kānaji ghar-māň suto, kyāre ditho bahār
dahiň dudh-nā māT bharyā chhe, bije chākhe na lagār ... 5

shāne kāje mali-ne āvi, toli vali dash-bār
nar-sai-yā-no svāmi sācho, juthi vraj-ni nār ... 6

**૯૪. જશોદા ! તારા કાનુડાને**

નાદબ્રહ્મ પદ-૩૩૦, રાગ - પ્રભાત

જશોદા ! તારા કાનુડાને સાદ કરીને વાર;
આવડી ધૂમ મચાવે વ્રજમાં કોઈ નહિ પૂછણહાર;

શીકું તોડ્યું ગોરસ ઢોળ્યું, ઉઘાડીને બ્હાર;
માખણ ખાધું ઢોળી નાંખ્યું, જાન કીધું આ વાર ... ૧

ખાંખાંખોળાં કરતાં હીંડે, બીએ નહીં લગાર;
મહીં મથવાની ગોળી ફોડી, આ શાં કહીએ લાડ ... ૨

વારે વારે કહું છું તમને હવે ન રાખું ભાર;
નિત ઊઠીને એ કયમ સહીએ, વસી નગર મોઝાર ... ૩

આડી-અવળી વાત તમારી, હું નહિ સાંભળનાર;
ડાહ્યો ડમરો લાડકો મારો, કદી ન એમ કરનાર ... ૪

મારો કાનજી ઘરમાં સૂતો, ક્યારે દીઠો બ્હાર;
દહીં દૂધનાં માટ ભર્યાં છે, બીજે ચાખે ન લગાર ... ૫

શાને કાજે મળીને આવી, ટોળી વળી દશ-બાર;
નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર ... ૬

[bhajan page]

## 95. Jāg-ne Jādavā Krishna Govāliyā

*Nādbrahma pada 342, rāga - prabhātiyu*

jāg-ne jādavā krishna govāliyā, tuja vinā dhen-māň kon jāshe ?
tran-se ne sāth govāl tole malyā, vado re govāliyo kon thāshe ? ... 0

dahiň-tanā dahiň-tharā, ghi tanā gheb-rā, kaDhiyelā dudh te kon pishe ?
hari tāryo hāthiyo, kāli nāg nāthiyo, bhumi-no bhār te kon leshe ? ... 1

jamunā-ne tire ga-u-dhan chārav-tā, madhuri shi morali kon vahāshe ?
bhane nar-sai-yo tārā gun gā-ii rijhi-e, budatā bāňyadi kon sahāshe ? ... 2

## ૯૫. જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા

નાદબ્રહ્મ પદ-૩૪૨, રાગ - પ્રભાતિયું

જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનમાં કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિયો કોણ થાશે ? ... ટેક

દહીંતણા દહીંથરા, ઘી તણાં ઘેબરાં, કઢિયેલાં દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથિયો, કાળી નાગ નાથિયો, ભૂમિનો ભાર તે કોણ લેશે ? ... ૧

જમુનાને તીરે ગૌધણ ચરાવતાં, મધુરી શી મોરલી કોણ વહાશે ?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઇ રીઝિએ, બૂડતાં બાંયડી કોણ સહાશે ? ... ૨

bhajan page

## 96. Gheli Kidhi Raghu-nāthe

*Nādbrahma pada 375, rāga - devgandhār prabhāt*

gheli kidhi raghu-nāthe bā-ii mane, gheli kidhi raghu-nāthe re

nir jamunā-nā bharavā-ne jāti, ghadulo chaDhāv-yo hari-e hāthe re ... 0

sheri-e sheri-e fuladā verāvu, morali bajāvi hari-e hāthe re ... 1

todale todale toran bañ-dhāvu, mañgal gav-dāvu sāri rāt re ... 2

vrundā-van-ni kuñj galin-meň, pālav grahyo hari-e hāthe re ... 3

bā-ii mirā kahe prabhu giri-dhar-nā gun, pragat bhayo prabhāte re ... 4

bhajan page

## 97. Sitā Kone Hari

*Nādbrahma pada 376, rāga - devgandhār prabhāt*

sitā kone hari bholā lakshman, sitā kone hari

suni maDhuli-māň ju-e raghu-naňdan, shayyā suni padi ... 0

nahi jānu hiranyā kaňs hani  gayo, na jānu bhumi-e gali ... 1

van-vagadā-meň  rahe ek jogi, betho chhe dhyān dhari ... 2

jogi-ne veshe  rāvan āvyo, chhetari sitā hari ... 3

lāvo dhanush lakshman mārā hāth-maň, ravan māru fari ... 4

sur-dās prabhu tum-hāre milan ko, la-ii gayo haran kari ... 5

## ૯૬. ઘેલી કીધી રઘુનાથે

નાદબ્રહ્મ પદ-૩૭૫, રાગ - દેવગંધાર પ્રભાત

ઘેલી કીધી રઘુનાથે બાઇ મને, ઘેલી કીધી રઘુનાથે રે;

નીર જમુનાના ભરવાને જાતી, ઘડુલો ચઢાવ્યો હરિએ હાથે રે ... ટેક

શેરીએ શેરીએ ફુલડાં વેરાવું, મોરલી બજાવી હરિએ હાથે રે ... ૧

તોડલે તોડલે તોરણ બંધાવું, મંગલ ગવડાવું સારી રાત રે ... ૨

વ્રન્દાવનની કુંજ ગલિનમેં, પાલવ ગ્રહ્યો હરિએ હાથે રે ... ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, પ્રગટ ભયો પ્રભાતે રે ... ૪

## ૯૭. સીતા કોણે હરી

નાદબ્રહ્મ પદ-૩૭૬, રાગ - દેવગંધાર પ્રભાત

સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ, સીતા કોણે હરી;

સૂની મઢૂલીમાં જુએ રઘુનંદન, શય્યા સુની પડી ... ટેક

નહિ જાણું હિરણ્યા કંસ હણી ગયો, ન જાણું ભૂમિએ ગળી ... ૧

વનવગડામેં રહે એક જોગી, બેઠો છે ધ્યાન ધરી ... ૨

જોગીને વેશે રાવણ આવ્યો, છેતરી સીતા હરી ... ૩

લાવો ધનુષ લક્ષ્મણ મારા હાથમાં, રાવણ મારું ફરી ... ૪

સુરદાસ પ્રભુ તુમ્હારે મિલન કો, લઇ ગયો હરણ કરી ... ૫

[bhajan page]

## 98. Bhuli Moti-no Hār

*Nādbrahma pada 377, rāga - devgandhār prabhāt*

bhuli moti-no hār jamunā-ne tir, bhuli moti-no hār

eka eka moti māre laksha karod-nu, parovu sonā tāre re ... 0

sāsu amāri saghale saňtāpe, nanaňdi deshe gāl re ... 1

jeth amāra yukti-e rākhe, diyar pāde pokār re ... 2

bā-ii mirā kahe prabhu giri-dhar nāgar, u-tāryā bhav-pār re ... 3

## 99. Jamunā-meň Ja-ii Padyo

*Nādbrahma pada 378, rāga - devgandhār prabhāt*

jamunā-meň ja-ii padyo kanai-yo māro, jamunā-meň ja-ii padyo

jamunāji-meň ghanu jala shitala, padatā kāň-ii na daryo … 0

pethe pātāla kāli-nāga nāthyo, fena para nrutya karyo … 1

pakadi mangāvu sa-u gvāla mandali, padatā kyo na kara dharyo … 2

nara-sai-yānā swāmi nāga lāvyā nāthi, vrajame ānanda bhayo … 3

## ૯૮. ભૂલી મોતીનો હાર

નાદબ્રહ્મ પદ-૩૭૭, રાગ - દેવગંધાર પ્રભાત

ભૂલી મોતીનો હાર જમુનાને તીર, ભૂલી મોતીનો હાર;

એક એક મોતી મારે લક્ષ કરોડનું, પરોવું સોના તારે રે ... ટેક

સાસુ અમારી સઘળે સંતાપે, નણંદી દેશે ગાળ રે ... ૧

જેઠ અમારા યુક્તિએ રાખે, દિયર પાડે પોકાર રે ... ૨

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ઉતાર્યા ભવપાર રે ... ૩

## ૯૯. જમુનામેં જઈ પડ્યો

નાદબ્રહ્મ પદ-૩૭૮, રાગ - દેવગંધાર પ્રભાત

જમુનામેં જઈ પડ્યો કનૈયો મારો, જમુનામેં જઈ પડ્યો;

જમુનાજીમેં ઘણું જલ શીતલ, પડતાં કાંઈ ન ડર્યો ... ટેક

પેઠે પાતાળ કાલિનાગ નાથ્યો, ફેણ પર નૃત્ય કર્યો ... ૧

પકડી મંગાવું સૌ ગ્વાલ મંડલી, પડતા ક્યોં ન કર ધર્યો ... ૨

નરસૈંયાના સ્વામી નાગ લાવ્યા નાથી, વ્રજમેં આનંદ ભયો ... ૩

bhajan page

## 100. Ārati Gopāl Rāyaki Karo

*Nādbrahma pada 381, rāga - prabhāt ārati*

ārati gopāl rāyaki karo ho saňt lolā-ii ... 0

man-kar dhrut kāyā-kar thāli, brahma agni kar bāti
pāňch tatva la-ii dipak jodyo, jale akhaňd din-rāti ... 1

chitt-kar chaňdan dhyān sugaňdh, anahad ghaňt bajā-ii
ajampā dhuni pāv-dhar bhojan, manashā bhog lagā-ii ... 2

chamar sa-u pavanā ek-tār sogav-nā, nām-ko pāth lagā-ii
bhitar dvār puňj parmeshvar, ātam pushpa chaDhā-ii ... 3

shaňkh shabda vreh dhuni up-je, anahad bāje benā
brahmā vishnu mahesh-var nārad, sakal saňt lolinā ... 4

dushta nikaňdan surinar vaňdan, saňto-ne prānā-dhār
kahe kabir bhakti māňgu, āvāgaman nivār ... 5

## ૧૦૦. આરતી ગોપાલ રાયકી કરો

નાદબ્રહ્મ પદ-૩૮૧, રાગ - પ્રભાત આરતી

આરતી ગોપાલ રાયકી કરો હો સંત લોલાઈ ... ટેક

મનકર ધૃત કાયાકર થાળી, બ્રહ્મ અગ્નિ કર બાતી;
પાંચ તત્વ લઈ દીપક જોડ્યો, જલે અખંડ દીનરાતી ... ૧

ચિત્તકર ચંદન ધ્યાન સુગંધ, અનહદ ઘંટ બજાઈ;
અજંપા ધુની પાવધર ભોજન, મનષા ભોગ લગાઈ ... ૨

ચમર સૌ પવના એકતાર સોગવના, નામકો પાઠ લગાઈ;
ભીતર દ્વાર પુંજ પરમેશ્વર, આતમ પુષ્પ ચઢાઈ ... ૩

શંખ શબ્દ વ્રેહ ધુની ઉપજે, અનહદ બાજે બેના;
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર નારદ, સકલ સંત લોલીના ... ૪

દુષ્ટ નિકંદન સુરિનર વંદન, સંતોને પ્રાણાધાર;
કહે કબીર ભક્તિ માંગુ, આવાગમન નિવાર ... ૫

[bhajan page]

## 101. Shri Rām-maňtra Rām-maňtra Ārati Kije

*Nādbrahma pada 382, rāga - prabhāt*

shri rām-maňtra rām-maňtra ārati kije
shaňkar sanakādik ādi ehi raňg pije

arghya thāl bimal māl, paňch bāti jhāri
tan-man nij par-hero, sohā-ii ved vāri ... 1

akhaňd jyot bimal mot, vreh din-rāti
ārati rām-rāy-ji ki, kije ho prabhāti ... 2

kahet kabir samar dhir, man aise lolā-ii
charan tek raghu-vir-ji ki, nirbhay pada pā-ii ... 3

## **૧૦૧.** શ્રી રામમંત્ર રામમંત્ર આરતી કીજે

નાદબ્રહ્મ પદ-૩૮૨, રાગ - પ્રભાત

શ્રી રામમંત્ર રામમંત્ર આરતી કીજે;
શંકર સનકાદિક આદિ એહી રંગ પીજે;

અર્ધ્ય થાલ બિમલ માલ, પંચ બાતી ઝારી;
તનમન નીજ પરહેરો, સોહાઈ વેદ વારિ ... ૧

અખંડ જ્યોત બિમલ મોત, વ્રેહ દિનરાતી;
આરતી રામરાયજી કી, કીજે હો પ્રભાતી ... ૨

કહેત કબીર સમર ધીર, મન ઐસે લોલાઈ;
ચરણ ટેક રઘુવીરજી કી, નિર્ભય પદ પાઈ ... ૩

bhajan page

## 102. Tum Jo Dayāl Moňse Bahut Kari Re

*Nādbrahma pada 383, rāga - bilāval*

tum jo dayāl moňse bahut kari re
sumaran ko nar dehi dini, moň pāpi-thi kashuň nā saryo re ... 0

garbh-vās nav-mās uňdhe mukh, tyāň na meri sudha visari re
jathar agni-meň rākh liyo hai, kaňchan se meri deh kari re ... 1

kahāň lagi kahuň apa-rādhi janam-ko, ādi-aňt moň se bigadi re
tulasi-dās patit tum pāvan, ā bāne-ki lāj padi re ... 2

bhajan page

## 103. Rām Kaho Piňjar Ke Suvā

*Nādbrahma pada 384, rāga - bilāval*

rām kaho piňjar ke suvā
ajahu khabar padat nahi aňdhe, dhaňdho karatā sakal jag mu-ā ... 0

ghadi suthār katherā kinā, ajahu sāj nish-chal nahi hu-ā
aňt-kāl ripu ho tam jyāre, hār chalyo jai-se juhāri juhā ... 1

āshā nij pāňch pani-hāri, ghatat nāhi karma-jal ku-ā
kahe kabir jene hari ras lidho, vohi ke mukh amrut chu-ā ... 2

**૧૦૨.** **તુમ જો દયાલ મોંસે બહુત કરી રે**

નાદબ્રહ્મ પદ-૩૮૩, રાગ - બિલાવલ

તુમ જો દયાલ મોંસે બહુત કરી રે;
સુમરણ કો નર દેહી દીની, મોં પાપીથી કશું નાં સર્યો રે ... ટેક

ગર્ભવાસ નવમાસ ઉંધે મુખ, ત્યાં ન મેરી સુધ વિસરી રે;
જઠર અગ્નિમેં રાખ લિયો હૈ, કંચન સે મેરી દેહ કરી રે ... ૧

કહાં લગી કહું અપરાધી જનમકો, આદિઅંત મોં સે બિગડી રે;
તુલસીદાસ પતિત તુમ પાવન, આ બાનેકી લાજ પડી રે ... ૨

**૧૦૩.** **રામ કહો પિંજર કે સુવા**

નાદબ્રહ્મ પદ-૩૮૪, રાગ - બિલાવલ

રામ કહો પિંજર કે સુવા;
અજહુ ખબર પડત નહિ અંધે, ધંધો કરતા સકલ જુગ મુઆ ... ટેક

ઘડી સુથાર કઠેરા કીના, અજહુ સાજ નિશ્ચલ નહિ હુઆ;
અંતકાલ રિપુ હો તમ જ્યારે, હાર ચલ્યો જૈસે જુહારી જુહા ... ૧

આશા નિજ પાંચ પનિહારી, ઘટત નાંહિ કર્મજલ કુઆ;
કહે કબીર જેણે હરિ રસ લીધો, વોહી કે મુખ અમૃત ચુઆ ... ૨

## 104. Tum Meri Prabhutā Bahut Kari Re

*Nādbrahma pada 385, rāga - bilāval*

tum meri prabhutā bahut kari re
mahā patit āyo sharanā-gat, nich dashā la-ii unch dhari re … 0

janma maran santāp āpadā, tum parasat meri sab hari re
ashta-siddh nav-nidhi mukti ād dehi, kar-jodi rahi dvāre khadi re … 1

tin lok au-ra bhuvan chartu-dash, ved purāne sahi padi re
sur-dās apane bhaktan ko, det param sukh ghadi re ghadi … 2

**૧૦૪. તુમ મેરી પ્રભુતા બહુત કરી રે**

નાદબ્રહ્મ પદ-૩૮૫, રાગ - બિલાવલ

તુમ મેરી પ્રભુતા બહુત કરી રે;
મહા પતિત આયો શરણાગત, નીચ દશા લઈ ઉંચ ધરી રે ... ટેક

જન્મ મરણ સંતાપ આપદા, તુમ પરસત મેરી સબ હરી રે;
અષ્ટસિદ્ધ નવનિધિ મુક્તિ આદ દેહી, કરજોડી રહી દ્વારે ખડી રે ... ૧

તીન લોક ઔર ભુવન ચર્તુદશ, વેદ પુરાણે સહી પડી રે;
સુરદાસ અપને ભક્તન કો, દેત પરમ સુખ ઘડી રે ઘડી ... ૨

bhajan page

## 105. Jene Bahānu Shāmaliyā-nu

*Nādbrahma pada 400, rāga - nāni āshāvari*

jene bahānu shāmaliyā-nu, tene jam shuň kar-she re
chhāpā tilak kaňthe tulasi-ni mālā, jam jo-ii pāchhā far-she re … 0

anya dev-nā je upāsi, na rahi-e teni pāse re
pote pāde sāmā-ne pāde, sāňkudā kahevāye re … 1

uthatā besatā hasatā ramatā, mukhe hari hair kahetā re
janmo janma-nā prāsit jāshe, jenā hari charane chitta thar-she re … 2

jene prabhu-ji-nu puran smaran, te nar dukhiyo na hoy re
